RNI No. GUJGUJ/2013/52771

NEST INDIA HOTLINE
thinking for every thing

# નેસ્ટ ઈન્ડીયા હોટલાઈન

NEST INDIA HOTLINE

Tel./Fax : (079) 26466611

(GUJARATI DAILY)

Editor : Gautam Chandulal Barot • nestindiahotlinegujaratidaily@gmail.com • www.nestindiahotlinegujaratidaily.com • Chief Reporter : Praful Parikh

Year : 4 • Issue : 279 • Tuesday • Date 22-8-2017 • Price : Rs. 1 • Page : 4 • Place of Publication : 21, Somvilla Bunglows, Opp. Asopalav Bunglow, Bhaikakanagar, Thaltej, Ahmedabad-59.

તમિળનાડુની રાજનીતિમાં મોટા ફેરફારથી રાજકીય ગરમી

## અન્નાદ્રમુકના બે જૂથ મર્જ : પનીર ડેપ્યુટી સીએમ

### પાર્ટી હેડક્વાર્ટર ખાતે યોજાયેલી મિટિંગમાં મર્જ થવાનો નિર્ણય : બંને પક્ષોની તમામ માંગ સ્વીકારી લેવામાં આવી : શશીકલાની પાર્ટીમાં હકાલપટ્ટી કરાશે



ચેન્નાઈ,તા. ૨૧

ઓલ ઈન્ડિયા અન્નાદ્રવિડ મુનેત્ર કડગમ (અન્નાદ્રમુક)ના બંને જુથ હવે મર્જ થઈ ગયા છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. તમિળનાડુના રાજકારણમાં છેલ્લા ઘણા દિવસથી પ્રવર્તી રહેલી સસ્પેન્સની સ્થિતિનો અંત આવી ગયો છે. હજુ સુધી એક જૂથનું નેતૃત્વ મુખ્યમંત્રી કે પલાનીસામી કરી રહ્યા હતા જ્યારે બીજા જુથનું નેતૃત્વ પૂર્વ મુખ્યમંત્રી પનીરસેલ્વમ કરી રહ્યા હતા. મર્જર બાદ પનીરસેલ્વમે આજે તમિળનાડુના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. રાજ્યપાલ સીવી રાવે પનીરસેલ્વમને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. પનીરસેલ્વમ ઉપરાંત કે પંડ્યા રાજનને પણ કેબિનેટ મંત્રી તરીકે શપથ લીધા હતા. મર્જર બાદ બંને જૂથના નેતાઓએ કહ્યું હતું કે, બંને પક્ષોની તમામ માંગણીઓને સ્વીકારી લેવામાં આવી છે. ઉત્તર ભારતમાં વિજયરથ ઉપર સવાર ભાજપે આ ઘટનાક્રમ ઉપર ચાંપતી નજર રાખી હતી. મર્જર બાદ અન્નાદ્રમુકના બે જૂથ અને ખાસ કરીને પનીરસેલ્વમ જૂથ ભાજપના સંપર્કમાં હોવાની વિગત પણ મળી છે. એક થતાં પહેલા અન્નાદ્રમુકના આ બંને જૂથ દ્વારા ચૂંટણી પ્રતિક બે પત્તીના નિશાનને મેળવવા માટે તમામ પ્રયાસ કર્યા હતા જે હવે તેમને મળી જવાની શક્યતા છે. અન્નાદ્રમુકમાં ચાલી રહેલી લડાઈનો અંત આવી ગયા બાદ હવે તમિળનાડુમાં પણ એનડીએને એક શક્તિશાળી સાથી પક્ષ મળી ગયો છે. મર્જર બાદ પનીરસેલ્વમે પાર્ટીના કાર્યકરોને સંબોધન કર્યું હતું. પનીરસેલ્વમે કહ્યું હતું કે, અમ્મા અને અન્નાદ્રમુક માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. મર્જરની જાહેરાત થયા બાદ તમિળનાડુ પ્રધાનમંડળમાં વધુ ફેરફારના સંકેત પણ મળી રહ્યા છે.

બીજી બાજુ અન્નાદ્રમુકના જનરલ સેક્રેટરી તરીકે શશીકલાને દૂર કરવા માટેના પગલા લેવામાં આવશે. જનરલ કાઉન્સિલની બેઠક બોલાવવામાં આવી રહી છે. પક્ષના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સભ્ય દ્વારા આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. રાજ્યસભાના સાંસદ વેથીલિંગમે કહ્યું હતું કે, શશીકલાને દૂર કરવા માટે પગલા લેવામાં આવનાર છે. પક્ષના હેડક્વાર્ટર ખાતે મર્જરની બેઠક યોજાયા બાદ પલાનીસામી જૂથના નેતાએ આ મુજબની વાત કરી હતી. આ અંગેની જાહેરાત કરીને પલાનીસામી કેમ્પે પનીરસેલ્વમ જૂથની એક ચાવીરુપ માંગને સ્વીકારી લીધી છે. શશીકલા ઉપર હવે હકાલપટ્ટીના વાદળો ઘેરાયા છે. મર્જર પહેલા અન્નાદ્રમુકના નેતા અવાદી કુમારે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, જનરલ કાઉન્સિલની બેઠકમાં શશીકલાની વરણી કરવામાં આવી હતી જેથી તેમની હકાલપટ્ટીના સંદર્ભમાં પગલા પણ તેના દ્વારા જ લેવામાં આવશે.

તમિળનાડુ પ્રગતિની નવી ઉંચાઈએ પહોંચશે : મોદી

## પનીરસેલ્વમ તેમજ અન્યોને મોદીએ પણ શુભેચ્છા આપી

### અન્નાદ્રમુકના બે જૂથ એકત્રિત થતાં જુદા જુદા રાજકીય પક્ષો દ્વારા પ્રતિક્રિયા : એનડીએને મજબૂત સાથી મળ્યો

નવીદિલ્હી,તા. ૨૧

તમિળનાડુમાં અન્નાદ્રમુકના લડી રહેલા બે જૂથ એક થઈ ગયા બાદ આની સીધી અસર આગામી દિવસોમાં જોવા મળી શકે છે. તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતાના અવસાન બાદ તમિળનાડુમાં સૌથી મોટા પક્ષ અન્નાદ્રમુકમાં આંતરિક ખેંચતાણ ચાલી રહી હતી. આના કારણે પાર્ટીમાં વિભાજનની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. બંને જૂથ આજે તમામ શરતો સાથે મર્જ થઈ જતાં આને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. પનીરસેલ્વમ જૂથના લોકો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પણ તરફેણ કરી રહ્યા હતા. બીજી બાજુ આના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. અભિનેતા કમલ હસને કહ્યું છે કે, અન્નાદ્રમુક મર્જરની વાતચીત ખુબ જ અસરકારક અને લોકોના હિતમાં છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આજે પનીરસેલ્વમ અને અન્યોને શુભેચ્છા પાઠવી હતી. આ લોકોએ પ્રધાન તરીકેના શપથ લીધા હતા. આવનાર વર્ષોમાં તમિળનાડુ પ્રગતિની નવી ઉંચાઈઓ હાસલ કરશે તેવો અભિપ્રાય વડાપ્રધાને વ્યક્ત કર્યો હતો. અન્નાદ્રમુકના મર્જરને લઈને અભિનેતા અને નિર્દેશકે કેટલાક ખાસ પ્રકારના સૂચન કર્યા હતા. તમિળનાડુના ઈતિહાસમાં મર્જરની બાબતને અસરકારકરીતે આગળ વધારવા કમલ હસને અપીલ કરી હતી. પનીરસેલ્વમે કહ્યું હતું કે, અમ્મા અને અન્નાદ્રમુક માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. મર્જરની જાહેરાત થયા બાદ તમિળનાડુ પ્રધાનમંડળમાં વધુ ફેરફારના સંકેત પણ મળી રહ્યા છે.

ભાજપ પ્રમુખ અમિત શાહે ધ્યાન કેન્દ્રિત કર્યું

## મેઘાલય, ત્રિપુરા , મિઝોરમમાં ભાજપને વધારે મજબુત કરાશે

### ચાર પુર્વોતર રાજ્યો નાગાલેન્ડ, ત્રિપુરા, મિઝોરમ તેમજ મેઘાલયમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી થનાર છે

ગુવાહાટી,તા. ૨૧

ભાજપ પ્રમુખ અમિત શાહ કોંગ્રેસ શાસિત રાજ્યો મેઘાલય અને મિઝોરમની સાથે સાથે હવે ડાબેરી મોરચા શાસિત રાજ્ય ત્રિપુરામાં પણ ભગવા દળને વધુ મજબુત કરવા માટે કમર કસી લીધી છે. ચાર પૂર્વોતર રાજ્યો નાગાલેન્ડ, ત્રિપુરા, મિઝોરમ અને મેઘાલયમાં આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. નાગાલેન્ડમાં ભાજપ સત્તારૂઢ ગઠબંધનમાં સામેલ છે. ભાજપે વર્ષ ૨૦૧૬માં આસામમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવ્યો હતો અને શાનદાર જીત મેળવી હતી. આ વર્ષની શરૂઆતમાં મણિપુરમાં યોજાયેલી ચૂંટણીમાં પાર્ટીએ મહાગઠબંધન તૈયાર કરીને ચૂટણી લડી હતી. આની સાથ સરકાર બનાવી લેવામાં સફળતા પણ હાંસલ કરી હતી. મેઘાલય અને ત્રિપુરામાં ભાજપ બુથ લેવલ કમિટી મેનેજમેન્ટ અને વિપક્ષી દળોના અસંતુષ્ટ નેતાઓને પોતાની તરફેણમાં કરીને જીત મેળવી લેવા માટેની ફોર્મ્યુલા પર કામમાં વ્યસ્ત છથે. ત્રિપુરામાં પહેલાથી જ તૃણમૂળ કોંગ્રેસના છ ધારાસભ્યોને પોતાની તરફેણમાં કરવામાં ભાજપને સફળતા મળી ચુકી છે. રાજ્યમાં મુખ્ય વિરોધ પક્ષ બનવામાં સફળતા મેળવી લીધી છે. ત્રિપુરામાં છેલ્લા ૨૪ વર્ષથી ડાબેરી મોરચાની સરકાર છે. મેઘાલયમાં કોંગ્રેસમાં નારાજગી વધી રહી છે. પાર્ટીના કેટલાક નેતા અસંતુષ્ટ નેતાઓના સંપર્કમાં છે. આ ધારાસભ્યો સપ્ટેમ્બર અથવા તો ઓક્ટોબરમાં ભાજપમાં સામેલ થઈ શકે છે. અલબત્ત બન્ને રાજ્યોમાં ભાજપ દ્વારા મુખ્યપ્રધાન પદના ઉમેદવારને પ્રોજેક્ટ કરવામાં આવનાર નથી. મેઘાલયમાં સતત બીજી અવધિમાં સરકાર કોંગ્રેસ ચલાવી રહી છે. ભાજપના મેઘાલય એકમના અધ્યક્ષ શિબુન લિંગદોહે કહ્યું છે કે કોંગ્રેસના કેટલાક ધારાસભ્યોએ તેમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી છે. અમિત શાહ સપ્ટેમ્બરમાં મેઘાલય પહોંચે તેવી શક્યતા છે. ભાજપના લોકોનું કહેવું છે કે, રાજ્યભરમાં સંગઠનને મજબૂત કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. શિબુન લિંગદોહનું કહેવું છે કે, લોકો હવે પરિવર્તન ઈચ્છે છે. મેઘાલયમાં કોંગ્રેસ સત્તાવિરોધી લહેર જોવા મળી રહી છે. રાજ્યમાં ભાજપે બિન કોંગ્રેસી પક્ષોના એક નોર્થઈસ્ટ ડેમોક્રેટિક ગઠબંધનની રચના કરી છે જેમાં યુનાઈટેડ ડેમોક્રેટિક પાર્ટી, નેશનલ પીપલ્સ પાર્ટી અને અન્ય પક્ષોનો સમાવેશ થાય છે. તે ચૂંટણીમાં કયા પક્ષની સાથે મળીને ચૂંટણી લડશે તે બાબત હજુ સ્પષ્ટ થઈ નથી. ત્રિપુરામાં ભાજપ ડાબેરી સરકારને સીધીરીતે ટક્કર આપવા માટે તૈયાર છે. પાર્ટીએ સરકારની સામે મોરચો ખોલી દીધો છે. રેલીઓનું આયોજન થઈ રહ્યું છે. ત્રિપુરામાં ૬૦ વિધાનસભા બેઠકો પૈકી એક તૃતીયાંશ આદિવાસીઓ માટે અનામત રાખવામાં આવી છે.

## માનહાનિ કેસ : અરવિંદ કેજરીવાલે માંગેલી માફી

નવીદિલ્હી, તા. ૨૧

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે કોંગ્રેસના નેતા અને પૂર્વ સાંસદ સમક્ષ માનહાનિ કેસમાં લેખિતમાં માફી માંગી હતી. કોંગ્રેસના નેતાએ પટિયાલા હાઉસ કોર્ટમાં કેજરીવાલની સામે બદનક્ષીનો કેસ દાખલ કરીને એક કરોડ રૂપિયાની માંગ કરી હતી. કેજરીવાલે લેખિતમાં માફી માંગીને કહ્યું છે કે, એક સાથીના ઉશ્કેરણીજનક બાબતોમાં જોડાઈને તેઓએ આક્ષેપો કર્યા હતા. કેજરીવાલે તેમના સંબંધમાં ૩૧મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે આક્ષેપ કરતા કહ્યું હતું કે, ભડાના દેશના સૌથી ભ્રષ્ટ વ્યક્તિઓ પૈકીના એક છે. કેજરીવાલના આ નિવેદનથી તેમની સામાજિક પ્રતિષ્ઠાને ફટકો પડ્યો હતો. ભડાનાએ તરત જ આ મામલામાં કેજરીવાલની સામે કાયદાકીય નોટિસ ફટકારીને પોતાના નિવેદનને પરત લેવા મો કહ્યું હતું કે, આખરે મામલો કોર્ટમાં પહોંચ્યો હતો. અંતે કેજરીવાલે હવે લેખિતમાં માફી માંગી લીધી છે. કેજરીવાલે એક વખતે પોતાનું નિવેદન પરત લેવા અને માફી માંગવાનો ઈન્કાર કર્યો હતો. કેજરીવાલે આજે પટિયાલા હાઉસ કોર્ટમાં ભડાના સમક્ષ લેખિતમાં માફી માંગીને કહ્યું હતું કે, સાથીની ઉશ્કેરણીમાં આવીને તેઓએ આક્ષેપ કર્યા હતા.

૧૮ જિલ્લામાં એક કરોડ લોકોને માઠી અસર

## બિહારમાં પુરની પરિસ્થિતિ વણસી : મૃતાંક વધીને ૨૫૪

### આસામમાં પણ પુર પરિસ્થિતિમાં હજુ સુધારો થયો નથી બીજા દોરમાં ૬૩ના મોત સાથે આસામમાં મૃતાંક ૧૫૨

નવી દિલ્હી,તા. ૨૧

બિહાર અને આસામમાં પુરની સ્થિતી હજુ પણ યથાવત રીતે ચિંતાજનક બનેલી છે. બિહારમાં વધુને વધુ વિસ્તારો પુરના સકંજામાં આવી રહ્યા છે. આજે મોતનો આંકડો વધીને ૨૫૪ ઉપર પહોંચી ગયો હતો. ગઈકાલ સુધી મોતનો આકડો ૨૦૨ હતો. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ વધુ બાવન લોકોના મોત થઈ ગયા છે. તમામ અસરગ્રસ્ત જિલ્લામાં બચાવ અને રાહત કામગીરકી ચાલી રહી છે. બીજી બાજુ આસામમાં પણ સ્થિતિ વિકટ બનેલી છે. આસામમાં પુરના બીજા મોજામાં મોતનો આંકડો વધીને ૬૩ ઉપર પહોંચી ગયો છે. પુરના પ્રથમ મોજામાં મોતનો આંકડો ૮૫ નોંધાયો હતો. હવે પુરના બે મોજામાં આસામમાં મોતનો આંકડો વધીને ૧૫૨ ઉપર પહોંચી ગયો છે. પટણાથી પ્રાપ્ત હેવાલ મુજબ બિહારના ૧૬ જિલ્લામાં એક કરોડ લોકોને માઠી અસર થઈ છે. પુરના તાંડવ બાદ મોટા ભાગની પરીક્ષા રદ કરવામા ંઆવી ચુકી છે. સાથે સાથે ટ્રેનો પણ રદ કરવામાં આવી છે. રોગચાળાને રોકવા માટે હવે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બિહારમાં મોતનો આંકડો વધીને બુધવાર સુધી ૭૨ હતો જે હવે ઝડપથી

(અનુસંધાન પાના ૨ પર)

કાર, ગોલ્ડ, પર્સનલ લોન પર ૧૦૦ ટકા સુધી પ્રોસેસિંગ ફી માફી

## પર્સનલ લોન ઉપર પ્રોસેસિંગ ફીમાં ભારે છુટછાટનો નિર્ણય

### દેશની સૌથી મોટી બેંક એસબીઆઈનો રિટેલ લોન પોર્ટફોલિયોને પ્રોત્સાહન આપવાના હેતુસર મહત્વપૂર્ણ નિર્ણય : આગામી દિવસોમાં ગ્રાહકોને રાહત

મુંબઈ,તા. ૨૧

રિટેલ લોન પોર્ટફોલિયોને પ્રોત્સાહન આપવાના હેતુસર દેશની સૌથી મોટી ધિરાણ આપતી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ પોતાની અનેક રિટેલ લોન ઉપર પ્રોસેસીંગ ફીમાં ધરખમ રાહતો આપી દીધી છે. બેંકે આજે એક નિવેદન જારી કરીને કહ્યું હતું કે, કાર લોન, પર્સનલ લોન અને પર્સનલ ગોલ્ડ લોન પર પ્રોસેસિંગ ફીમાં ૧૦૦ ટકાની છુટછાટ આપવામાં આવશે. આ ફી માફી બીજી બેંકોની હોમ લોનને ટેકઓવર કરવા ઉપર મળનાર છુટછાટ સિવાયની છે. બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા તહેવારના ઉત્સવની યોજનાના ભાગરુપે આની જાહેરાત કરવામાં આવી છે. તહેવારની સિઝન માટે આ અંગેની જાહેરાત કરવામાં આવ્યા બાદ સામાન્ય લોકોને મોટી રાહત મળી શકે છે. હોમલોનના ટેકઓવર પર જાહેરક્ષેત્રોની બેંકોએ અગાઉ પ્રોસેસીંગ ફી માફી કરી હતી. કાર લોન ઉપર પ્રોસેસિંગ ફી એવા ગ્રાહકોને માફી મળશે જે ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ સુધી અરજી કરી શકશે. એટલે કે ૩૧મી ડિસેમ્બર ૨૦૧૭ સુધી કાર લોન ઉપર સમગ્ર પ્રોસેસિંગ ફી માફી રહેશે. આવી જ રીતે ૩૧મી ઓક્ટોબર ૨૦૧૭ સુધી પર્સનલ ગોલ્ડ લોન ઉપર અડધી પ્રોસેસિંગ ફી રહેશે. ૩૦મી સપ્ટેમ્બર ૨૦૧૭ સુધી ગ્રાહક એક્સપ્રેસ ક્રેડિટ પર્સનલ લોન ઉપર પ્રોસેસિંગ ફીમાં ૫૦ ટકાની છુટછાટ મેળવી શકે છે. કંપનીએ આ જાહેરાત સેવિંગ્સ એકાઉન્ટમાં જમા કરવામાં આવેલી રકમ ઉપર વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવ્યાના ત્રણ સપ્તાહ બાદ કરી છે. ત્યારબાદ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ વ્યાજદરમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. અધિકારીઓના કહેવા મુજબ આ મહિનાના અંત સુધીમાં એસબીઆઈ સમીક્ષા દરમિયાન એમસીએલઆરના દરોમાં કાપ મુકી શકે છે. એમસીએલઆર શું છે તેને લઈને હમેશા ચર્ચા રહે છે. હકીકતમાં માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ પર આધારિત ધિરાણ દર છે જે લોન નક્કી કરતી વેળા બેંકોની ફોર્મ્યુલા તરીકે છે. એમસીએલઆર, ધિરાણના દર, ડિપોઝિટના દરના આધારે નક્કી કરવામાં આવે છે. માર્જિનલ કોસ્ટ ઓફ ફંડિંગના આધાર પર દરો નક્કી કરવાના પરિણામ સ્વરુપે હવે બેંકોને એક દિવસથી લઈને એક વર્ષની અવધિ માટે પાંચ બેંચમાર્ક રેટ નક્કી કરવામાં આવશે. બેંકો દ્વારા હાલની હિલચાલને મહત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે. એસબીઆઈના રિટેલ એડવાન્સનો આંકડો એક વર્ષના આધાર પર ૧૩.૩૧ ટકા રહ્યો છે. જુન ૨૦૧૬માં આ આંકડો ૪૩૨૪૫૫ કરોડનો હતો જે વધીને જુન ૨૦૧૭માં ૪૯૦૦૦૫ કરોડ થઈ ગયો છે. જૂન ૨૦૧૬માં બેંકની હોમ લોનનો આંકડો ૨૪૮૭૦૯ કરોડ રૂપિયા હતો જે એક વર્ષ અગાઉ ત્રિમાસિક ગાળામાં ૨૮૩૩૩૧ કરોડ રૂપિયાનો હતો. આમા વાર્ષિક આધાર પર ૧૩.૯૨ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે. એસબીઆઈ દ્વારા પર્સનલ લોન પર પ્રોસેસિંગ ફીમાં જંગી રાહતો આપવામાં આવ્યા બાદ આગામી દિવસોમાં આનો લાભ ઉઠાવવા માટે ગ્રાહકોનો જોરદાર ધસારો રહે તેવી શક્યતા દેખાઈ રહી છે.

## તંત્રી લેખ...

### દુર્ઘટનાના જવાબદારો સસ્પેન્ડ, મૃતકોના પરિવારને રકમ... બુલેટ ટ્રેનના યુગમાં આ યોગ્ય છે ?

હવે શિવજીની ભકિતમાં ઓટ આવશે અને શિવજીના પુત્ર ગજાનન મહારાજ-ગણપતિજીની ભકિતમાં તેજી આવશે. ગણેશોત્સવના દશ દિવસ બાદ રિદ્ધિ-સિદ્ધિના દેવની ભકિતમાં ઓટ આવશે અને નવરાત્રીના પડધમ સાથે માતાજીની ભકિતના ઘોડાપૂર ઘુઘવશે. નવરાત્રી બાદ એ પૂર સૂકાઈ જશે અને દિપાવલીના ઝગમગાટ સાથે લક્ષ્મીજીની પૂજાની આંધી ઉઠશે... ભકિત સામે વાંધો ન હોય, પણ તેમાં ભરતી-ઓટ યોગ્ય ગણાય ? તેજી-મંદીવાળી આપણી ભકિત વર્ષો દાયકાઓથી ચાલે છે, સાચી વાત તો એ છે કે, પ્રભુને વાંધો ન હોય તો વાંધો ઉઠાવનારા આપણે કોણ ? પ્રભુ ધારે એ થાય, આ વાકય સ્વર્ગના પ્રભુજી માટે સાચું હશે, પરંતુ પૃથ્વી પરના પ્રભુજી માટે આ વાકય સાચું નથી. ભારત સરકારમાં રેલ્વેની સંપૂર્ણ સત્તા પ્રભુજીના હાથમાં છે, પણ એ ધારે તેવું થતું નથી. બુલેટ ટ્રેનના યુગની મોટી-મોટી વાતો થાય છે પણ પરંપરાગત ગાડુ પાટે ચઢતું નથી. ઉત્કલ એકસપ્રેસ યુપીમાં ખડી પડી... ૨૩ના મોત થયા અને ૨૦૦થી વધારે પ્રવાસીઓ ઘાયલ થયા. 'હરિનું ગાડું મારૂં કયાં લઈ જાય, કંઈ ન જાણું...' આ ભજન પરંપરાથી ગવાય છે. સુરેશ પ્રભુજીનું ગાડું પાટા ન હોય ત્યાં પણ દોડવા લાગે છે અને ગોથાલિયા ખાય છે. પાટાનું કામ ચાલુ હતુ, એક તરફનો ટ્રેક હતો જ નહિ, છતાં પ્રભુજીનું ગાડું ત્યાં દોડયું અને યાત્રિકોનો તત્કાળ મોક્ષ થયો. આ ઘટના અતિશય ગંભીર ગણાય. આ મોતના તાંડવ બાદ સાત અધિકારીઓ સસ્પેન્ડ કરાયા. મૃતકો અને ઘાયલો માટે રકમ મંજૂર કરી દેવાઈ. બે-ચાર દિવસ આ ઘટના ગાજશે, બાદમાં ભૂલાઈ જશે. રેલ્વે દુર્ઘટનાઓ દરેક સરકારોમાં અવાર-નવાર થતી જ રહે છે અને ભૂલાતી રહે છે. ભાજપીઓ તર્ક આપે છે કે, કોંગી શાસનમાં પણ દુર્ઘટનાઓ થઈ હતી. વાત સાચી છે, પરંતુ મોટું સત્ય એ છે કે, સામાન્ય માણસની સુરક્ષા-સુખાકારીમાં બેદકારીની ખૂબ આકરી સજા કોંગ્રેસ ભોગવી રહી છે, એ બાબત ભાજપીઓએ ભૂલવી ન જોઈએ. તાજેતરમાં ઉત્તર પ્રદેશમાં ઓકિસજન સપ્લાઈ બંધ થતા ૪૦ બાળકોના મોત થયા હતા, આક્રમક ગણાતી યોગી સરકારે આ ઘટના પ્રત્યે આક્રમતા દાખવી નથી. તાજેતરમાં રોગચાળામાં ગુજરાતીઓ મરી રહ્યા છે, સંવેદનશીલ ગણાતી રૂપાણી સરકારની સંવેદના છંછેડાતી નથી.. રાજયમાંથી ગંદકી દૂર કરવાનું નક્કર અભિયાન પણ શરૂ નથી થયું. ગુજરાત-યુપી-કેન્દ્ર ત્રણે સ્થાને ભાજપી શાસન છે, આ ઘટનાઓથી સાબિત થાય છે કે-નિર્દોષ લોકો ગુજરી જાય છતાં આ સરકારોએ પોતાની આભા મુજબની ગંભીરતા દાખવી નથી એ હકીકત છે. દુર્ઘટના બાદના ભાજપીઓના નિવેદનો અને તર્ક કોંગ્રેસને સારી કહેડાવે તેવા છે. કેન્દ્ર સરકાર-સુરેશ પ્રભુ બુલેટ ટ્રેનની-આધુનિક યુગની વાતો કરે છે, પણ આમ આદમી માટે સરકારી વૃત્તિ કોંગી સરકારો જેવી જ રહી છે. રેલ્વે દુર્ઘટના થાય ત્યારે અધિકારીને રજા ઉપર ઉતારી દેવાય, સસ્પેન્ડ કરી દેવાય, મુસાફરો માટે આર્થિક સહાયની જાહેરાતો થઈ જાય... આ બધુ નેહરૂથી રાહુલ યુગ સુધી ચાલતું હતું. મોદી યુગમાં પણ એ ચાલી રહ્યું છે. દુર્ઘટના બાદ એક પણ ભાજપી નેતુ એવું નથી બોલ્યું કે- હવે દુર્ઘટના નહિ થાય... ભાજપ દ્વારા કોંગ્રેસ મુકત ભારત અભિયાન ચાલે છે, પણ જરૂરીયાત જુદી જ છે. કોંગ્રેસી વૃત્તિ મુકત ભારતની જરૂર છે. કોંગ્રેસ ગુજરી જાય, પણ તેની બદવૃત્તિ સત્તામાં રહે તો લોકોને કોઈ લાભ થવાનો નથી. પ્રભુજી, બુલેટ ટ્રેનને પાંચ-દશ વર્ષ મોડું થશે તો ચાલશે, પણ હાલમાં જે ગાડા ચાલે છે તેને બરાબર પાટે ચઢાવો...

## બિહારમાં

(અનુસંધાન પાના ૧ નું ચાલુ)

વધીને ૨૫૪ ઉપર પહોંચ્યો છે. ઉત્તર બિહારમાં હાલત કફોડી છે. અહીં તમામ મોટી નદીઓમાં પાણીની સપાટી ભયજનક સ્તરથી ઉપર પહોંચી છે. જે વિસ્તારમાં સૌથી વધારે અસર થઈ છે તેમાં કિસનગંજ, અરેરિયા, પુરણિયા અને કટિહારનો સમાવેશ થાય છે. કોશી પ્રદેશના કેટલાક રાજ્યો પણ અસરગ્રસ્ત છે. પૂર્વ અને પશ્ચિમ ચંપારણમાં હાલત કફોડી બનેલી છે. નેપાળ અને આસપાસના વિસ્તારોમાં અતિ ભારે વરસાદની માઠી અસર બિહારમાં થઈ છે. મુખ્યમંત્રી નીતિશકુમારે નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદી સાથે મળીને હવાઈ નિરીક્ષણ કર્યું હતું. આજે પશ્ચિમ ચંપારણ જિલ્લામાં હવાઈ નિરીક્ષણ કર્યું હતું, સમસ્તીપુર ડિવિઝનમાં ટ્રેન સેવાને માઠી અસર થઈ છે.રેલવે ટ્રેક પર પાણી ફરી વળ્યા છે. ઈસ્ટ સેન્ટ્રલ રેલવે હેઠળ સમસ્તીપુર ડિવિઝનમાં ઘુટણ સુધી પાણી ભરાયેલા છે. રેલવે લાઈન અને સિગ્નલિંગ વ્યવસ્થા ઠપ થઈ ગઈ છે. પશ્ચિમી ચંપારન જિલ્લામાં ૬.૮૨ લાખ લોકોને અસર થઈ છે. અહીં ૨૯ લોકોના મોત થઈ ચુક્યા છે. અરરિયા જિલ્લામાં સૌથી વધુ ૫૭ લોકોના મોત થયા છે. સિતામઢીમાં ૨૯ લોકોના મોત થયા છે. કટિહારમાં ૨૩, પૂર્વ ચંપારન જિલ્લામાં ૧૯, મધુબાનીમાં ૧૩ લોકોના મોત થયા છે. કિશનગંજમાં ૧૧ લોકોના મોત થયા છે. મોટી સંખ્યામાં લોકોને અસર પણ થઈ છે. રાજ્યના જુદા જુદા ભાગોમાં ૧૩૫૮ રાહત કેમ્પ ચાલી રહ્યા છે. જેમાં ૪.૨૧ લાખ લોકોને ખસેડી દેવામાં આવ્યા છે. રાહત અને બચાવ કામગીરીમાં એનડીઆરએફની ૨૮ ટીમો છે. જેમાં ૧૧૫૨ કર્મચારીઓ સામેલ છે. ૧૧૮ બોટ પણ છે. ગુવાહાટીથી પ્રાપ્ત અહેવાલ મુજબ આસામમાં પુરની સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. મોતનો આંકડો વધીને પુરના બીજા દોરમાં ૬૩ થઈ ગયો છે. પુરના બીજા દોરમાં જે ૬૩ લોકોના મોત થયા છે તે પૈકી મોરીગાવમાં સૌથી વધારે ૧૨ લોકોના મોત થયા છે. મોરીગામમાં ૫.૨૧ લાખ લોકોને અસર થઈ છે. હાલમાં ૧૪૯૩ ગામો પુરના પાણીમાં છે. .૧૫ લાખ હેકટર પાક ભૂમિને નુકસાન થયુ છે. કોકરાઝારમાં નવ અને ધુબરીમાં નવ લોકોના મોત થયા છે. બોન્ગાઈગામમાં સાત લોકોના મોત થયા છે. આની સાથે જ એકંદરે આ વર્ષે પુરનો આંકડો આસામમાં ૧૫૨ થી પણ ઉપર પહોંચી ગયો છે. રાજ્યમાં ૧૬ જિલ્લાઓમાં ૨૨ લાખ લોકો સકંજામાં છે. હાલમાં ૨૫૮૯ ગામો પુરના પાણીમાં છે અને ૧.૬૭ લાખ હેક્ટર પાક ભુમિને નુકસાન થઈ ચુક્યું છે. ૬૦૨ રાહત કેમ્પો અને ૨૧ જિલ્લાઓમાં ડિસ્ટ્રીબ્યુશન સેન્ટરો સ્થાપિત કરાયા છે. બીજા રાઉન્ડમાં આસામમાં ૩૨ જિલ્લાઓ પૈકી ૧૬ જિલ્લાઓ અસરગ્રસ્ત છે. ૨૨ લાખ લોકોને અસર થઈ છે. છેલ્લા મહિના બાદથી નવેસરના પુરના કારણે ધેમાજી, લખીમપુર અને બારપેટા સહિતના ૧૬ જિલ્લા અસરગ્રસ્ત થયેલા છે. કોકરાઝાર, જોરહાટ, શિવસાગર, ડિબ્રુગઢમાં પણ પુરની સ્થિતિ સર્જાયેલી છે. પ્રથમ રાઉન્ડમાં ૮૫ લોકોના મોત થયા હતા અને ૧૯ લાખને અસર થઈ હતી. એપ્રિલથી જુલાઈ વચ્ચેના ગાળામાં આ ૮૫ મોત થયા હતા. હવે બીજા દોરમાં વધુ ૬૩ લોકોના મોત થયા છે. આની સાથે જ આ વર્ષે પુર સંબંધિત બનાવોમાં કુલ મોતનો આંકડો વધીને ૧૫૨ ઉપર પહોંચી ગયો છે. એરફોર્સને પણ બચાવ કામગીરી માટે તૈનાત રાખવામાં આવી છે. દરમિયાન લખનૌથી પ્રાપ્ત અહેવાલ મુજબ ઉત્તરપ્રદેશમાં પણ છેલ્લા બે દિવસથી વધુ ૩૩ લોકોના મોત થયા છે. આની સાથે જ મોતનો આંકડો વધીને ૬૯ ઉપર પહોંચી ગયો છે. ૨૦ લાખ લોકોને અસર થઈ છે. ૨૪ જિલ્લા પણ સકંજામાં આવી ગયા છે.રોગચાળાનો ખતરો પણ હવે તોળાઈ રહ્યો છે.

# સગર્ભા મહિલાઓમાં હવે સ્ટ્રોકનો ખતરો વધી ગયો

### અમેરિકામાં કરાયેલા અભ્યાસનું તારણ જારી



નવીદિલ્હી, તા. ૧૭

તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સગર્ભા મહિલાઓમાં સ્ટ્રોકનો ખતરો દિનપ્રતિદિન વધી રહ્યો છે. તાજેતરમાં મહિલાઓને સ્ટ્રોકની અસર સગર્ભા અવસ્થા દરમિયાન થઈ છે. બાળકને જન્મ આપ્યા બાદ અથવા તો બાળકના જન્મ પહેલાં મહિલાઓમાં સ્ટ્રોકનો ખતરો વધી ગયો છે. અગાઉ એવી માન્યતા હતી કે મહિલાઓને સગર્ભા અવસ્થા દરમિયાન ભાગ્ય જ સ્ટ્રોકનો હુમલો થાય છે. પરંતુ સંશોધકોએ શોધી કાઢ્યું છે કે છેલ્લા બાર વર્ષના ગાળામાં ૧૯૯૪-૯૫માં અમેરિકામાં સ્ટ્રોક સાથે સંબંધિત મહિલાઓને સારવાર આપવામાં આવી હતી. વર્ષ ૨૦૦૬-૦૭માં આ સંખ્યામાં ૫૪ ટકાનો વધારો થતાં સંખ્યા ૬૨૯૩ સુધી પહોંચી હતી આવી હતી. એકંદરે બનાવમાં અમેરિકામાં ત્રણ ટકાથી વધુનો વધારો થયો છે. નવેસરના આંકડામાં જાણવા મળ્યું છે કે બાળકને જન્મ આપવાના ત્રણ મહિનાની અંદર અથવા તો સગર્ભા અવસ્થા દરમિયાન સ્ટ્રોકના

### છેલ્લા ૧૨ વર્ષ દરમિયાન સગર્ભા મહિલા અને બાળકના જન્મ બાદ સ્ટ્રોકનો ખતરો વધ્યો છે : અહેવાલમાં ધડાકો

સ્ટ્રોકના હુમલાઓ સગર્ભા અવસ્થા દરમિયાન વધી ગયા છે. અમેરિકામાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૪૦૮૫ જેટલી સગર્ભા સાથે સંબંધિત સ્ટ્રોકથી ગ્રસ્ત મહિલાઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. વર્ષ

સ્ટ્રોકમાં વ્યાપક અભ્યાસ હાલમાં કરવામાં આવ્યો છે. અમેરિકન હાર્ટ એશોસિયેશનના અહેવાલમાં જાણવા મળ્યું છે કે અમે ખૂબ જ ચિંતિત બની ગયા છીએ. એટલાન્ટા, જ્યોર્જિયામાં અભ્યાસને લઈને જુદી જુદી પ્રવૃત્તિ હાથ ધરવામાં હુમલાઓ વધી ગયા છે. જો કે સ્વસ્થ મહિલાઓમાં આવા હુમલાનો ખતરો ઓછો રહે છે. વધુને વધુ મહિલાઓ સગર્ભા અવસ્થા દરમિયાન સ્થૂળતા, હાઈપર ટેન્શન, ડાયાબીટિશ અને હાર્ટના રોગ સાથે સંબંધિત થઈ જાય છે.

### પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીનો દાવો

# ચૂંટણીમાં કોંગ્રેસને બે તૃત્યાંશ બહુમતી મળશે જ : સોલંકી

### મુખ્યપ્રધાન રૂપાણી આ વખતે બેઠક નહી બદલે તો કારમી હારનો સામનો કરશે : નારાજ પ્રજા જવાબ આપવા તૈયાર

અમદાવાદ,તા. ૨૧

દિલ્હીમાં કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોને કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરાવ્યા બાદ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, આગામી ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષને નિશંકપણે બે તૃત્યાંશ બહુમતી મળશે. ભાજપનો અસલી ચહેરો પ્રજા જાણી ગઈ છે અને તેથી આગામી ચૂંટણીઓમાં જનતા ભાજપને કોંગ્રેસ તરફી મતદાનથી જડબોતોડ જવાબ આપશે. કોંગ્રેસના ધારાસભ્યોની સોનિયા ગાંધી સાથેની મુલાકાતને હાસ્યાસ્પદ ગણાવતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના વલણ પરત્વે પ્રતિક્રિયા આપતાં સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસના ધારાસભ્યોની ચિંતા કરવાની મુખ્યમંત્રીએ જરૂર નથી. રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આ વખતે તેમની બેઠક નહી બદલે, તો આ વખતની ચૂંટણીમાં તેમને કારમી હારનો સામનો કરવો પડશે તે નક્કી છે, તેથી તે તેમની ચિંતા કરે. આગામી ચૂંટણીઓમાં ભાજપનો સજ્જડ પછડાટ મળવાની છે અને કોંગ્રેસને બે તૃત્યાંશ સ્પષ્ટ બહુમતી પ્રાપ્ત થશે. બળવતસિંહ દ્વારા એહમદ પટેલના રાજયસભાના પરિણામને પડકારતી ગુજરાત હાઈકોર્ટમાં કરેલી પિટિશન અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં સોલંકીએ જણાવ્યું કે, રાજયસભા ચૂંટણીમાં તો બળવંતસિંહ હારી ગયા અને ભાજપને જે રીતે પછડાટ મળી છે, તે જોતાં હાઈકોર્ટની કાનૂની લડાઈમાં પણ ભાજપને પછડાટ મળશે. દરમ્યાન કોંગ્રેસના સિનિયર નેતા શકિતસિંહ ગોહિલે ધારાસભ્યોની સોનિયા અને રાહુલ ગાંધીની મુલાકાત મુદ્દે જણાવ્યું કે, ધારાસભ્યોની મુલાકાત દરમ્યાન તેઓની વફાદારીને કોંગ્રેસ પક્ષે અને સોનિયાજી તેમ જ રાહુલજીએ બિરદાવ્યા છે. સાથે સાથે લોકોની સેવામાં લાગી જવા પણ તેમણે અનુરોધ કર્યો છે. આગામી વિધાનસભા ચૂંટણીઓને લઈને પણ તેઓએ મહત્વનો સંદેશો આપ્યો છે કે, ચૂંટણીમાં પણ સત્તા માટેનો સંઘર્ષ નહી પરંતુ લોકોની સેવા માટેનો સંઘર્ષ હોવો જોઈએ. આગામી દિવસોમાં કોંગ્રેસ નવસર્જન ગુજરાતના સપનાને સાકાર કરશે. ધારાસભ્યોની તોડફોડ નીતિમાં છેવટે નિષ્ફળ ગયેલ ભાજપ પર પ્રહાર કરતાં તેમણે ઉમેર્યું કે, ભાજપની તોડફોડ અને અસત્યની કોઈ નીતિ કામે લાગી નહી, આખરે તો સત્યનો જ વિજય થયો છે. વિધાનસભાની ચૂંટણીઓમાં પણ પ્રજા સત્યની સાથે જ રહેશે.

### સેંસેક્સ કારોબારના અંતે ૩૧૨૫૮ની સપાટીએ

# બજારમાં કડાકો : સેંસેક્સ વધુ ૨૬૫ પોઈન્ટ ઘટી જતાં ચિંતા

### નિફ્ટી ઈન્ડેક્સ ૮૩ પોઈન્ટ ઘટી ૯૭૫૪ની સપાટી પર તમામ સેક્ટરલ ઈન્ડેક્સ મંદીમાં રહેતા ઉદાસીનતા ફેલાઈ

મુંબઈ,તા. ૨૧

શેરબજારમાં આજે મંદીનું મોજુ ફરી વળ્યું હતું. ઈન્ફોસીસ દ્વારા કરવામાં આવેલી બાયબેક પ્લાનની કોઈ અસર શેરબજારમાં દેખાઈ ન હતી. સેંસેક્સ આજે કારોબારના અંતે ૨૬૫ પોઈન્ટ ઘટીને ૩૧૨૫૮ની નીચી સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૮૩ પોઈન્ટ ઘટીને ૯૭૫૪ની સપાટીએ રહ્યો હતો. નિફ્ટી ઓટોમાં સતત ત્રીજા સેશનમાં ઘટાડો રહ્યો હતો. શેરબજારમાં છેલ્લા કેટલાક દિવસથી ભારે અફડાતફડી જોવા મળી રહી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આર્થિક એજન્ડાને લઈને અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે. ઘરઆંગણે ઈન્ફોસીસની બાયબેક યોજના શનિવારના દિવસે જાહેર કરવામાં આવી હતી. આજે તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં મંદી જોવા મળી હતી. પીએસયુ બેંક, આઈટી, રિયાલીટી અને મેટલ ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. આજે કારોબાર વેળા માત્ર છ શેરોમાં તેજી જોવા મળી હતી. ઈન્ફોસીસ, અદાણી પોર્ટ, ડોક્ટર રેડ્ડી અને લ્યુપિનમાં સૌથી વધુ ઘટાડો રહ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૧.૪ અને એક ટકાનો ઘટાડો નોંધાયો હતો. સતત બીજા દિવસે શેરબજારમાં તીવ્ર મંદીનું મોજુ રહ્યું હતું. ઈન્ડેક્સ હેવીવેઈટ ગણાતા ઈન્ફોસીસના શેરમાં શુક્રવારના દિવસે આશરે ૧૦ ટકાનો ઘટાડો નોંધાયા હતા. આજે વધુ ૫.૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. એશિયન શેરબજારમાં પણ અનિશ્ચિતતાનો માહોલ રહ્યો હતો. આર્થિક એજેન્ડાને પરિપૂર્ણ કરવાની ક્ષમતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પમાં છે કે કેમ તેને લઈને આજે ચર્ચા રહી હતી. નિફ્ટી ઓટોની સાથે અન્ય શેરમાં અફડાતફડીનો માહોલ જોવા મળ્યો હતો. સનફાર્માના શેરમાં ૨.૩થી ૩ ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. શુક્રવારના દિવસે ઈન્ફોસીસના સીઈઓ અને એમડી તરીકે વિશાલ સિક્કાના રાજીનામાની સીધી અસર જોવા મળી હતી. શુક્રવારે કારોબારના અંતે સેંસેક્સ ૨૭૦ પોઈન્ટ ઘટીને ૩૧૫૨૪ની નીચી સપાટીએ રહ્યો હતો.

બ્રોડર માર્કેટ નિફ્ટીમાં ૬૬ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૯૮૩૭ નોંધાઈ હતી.જુલાઈ રિટેલ ફુગાવાનો આંકડો હાલ જારી કરાયો હતો. વાર્ષિક કન્ઝ્યુમર પ્રાઈઝ આધારિત ફુગાવો જુલાઈ મહિનામાં ૨.૩૬ ટકા રહ્યો હતો. સતત ત્રણ મહિના સુધી ઘટ્યા બાદ તેમાં વધારો નોંધાયો હતો. મોડેથી રિટેલ ફુગાવાના આંકડા જારી કરાયા હતા. જૂનમાં ફુગાવો ૧.૫૪ ટકા હતો. અમેરિકા અને ઉત્તર કોરિયા વચ્ચે વધી ગયેલી તંગદિલીના પરિણામ સ્વરુપે મૂડીરોકાણકારો ચિંતિત દેખાઈ રહ્યા હતા. ઉથલપાથલ માટે વૈશ્વિક પરિબળો પણ જવાબદાર દેખાઈ રહ્યા છે. ઉત્તર કોરિયા અને અમેરિકા વચ્ચે શાબ્દિક યુદ્ધ છેડાયેલું છે. અમેરિકા અને ઉત્તર કોરિયા દ્વારા એકબીજા ઉપર આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. વિશ્વના દેશો બંને દેશો વચ્ચે છેડાયેલા આક્ષેપબાજીના દોરથી ચિંતાતુર દેખાઈ રહ્યા છે. આની સીધી અસર વૈશ્વિક બજારો ઉપર નોંધાઈ રહી છે. આગામી દિવસોમાં પણ આની અસર જોવા મળી શકે છે. જુલાઈ માં કન્ઝ્યુમર પ્રાઈઝ ફુગાવામાં અપેક્ષા કરતા વધુ ઝડપી વધારો નોંધાયો છે જેના પરિણામ સ્વરુપે રિઝર્વ બેંક દ્વારા વ્યાજદરમાં વધુ ઘટાડા માટેની તકો ધુંધળી બની છે. આરબીઆઈએ હાલમાં જ વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ વ્યાજદર ૬ ટકા થયો હતો. નવેમ્બર ૨૦૧૦ બાદથી વ્યાજદર સૌથી નીચી સપાટીએ છે.

### અમદાવાદને હેરિટેજ મોન્યુમેન્ટ દરજ્જો મામલો

# પુરાતત્વ ખાતા દ્વારા દબાણ મામલે ૫૦થી વધુ ફરિયાદ

### શહેરના આસ્ટોડિયા વિસ્તારમાં મોન્યુમેન્ટમાં ૨૦ જેટલા એસી નંખાયા છે : અન્ય મોન્યુમેન્ટમાં પણ દયનીય સ્થિતિ

અમદાવાદ, તા.૨૧

ગત ૮ જુલાઈના રોજ અમદાવાદ શહેરને યુનેસ્કોની કમિટી દ્વારા અમદાવાદ શહેરને આપવામા આવેલા શરતી વૈશ્વિક હેરીટેજ સિટીના દરજ્જા બાદ અમદાવાદ શહેરમાં આવેલા આરક્ષિત ૫૮ જેટલા હેરીટેજ મોન્યુમેન્ટસ પૈકી ૨૮ જેટલા મોન્યુમેન્ટમાં દબાણો ખડકાઈ ગયેલા જોવા મળી રહ્યા છે આ પરીસ્થિતિમાં પુરાતત્વ વિભાગ દ્વારા આ તમામ મોન્યુમેન્ટસને નોટિસ ફટકારવાથી લઈને કાયદેસરની પોલીસ ફરીયાદ પણ કરવામા આવી છે.અત્યાર સુધીમાં વિભાગ દ્વારા આ મામલે ૫૦ થી વધુ પોલીસ ફરીયાદ કરવામા આવી છે.આ અંગેની વિગત એવી છે કે,એક તરફ અમદાવાદ શહેરને યુનેસ્કો દ્વારા વૈશ્વિક હેરિટેજ સિટીનો દરજ્જો આપવામા આવ્યો છે ત્યારે બીજી તરફ અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા મોન્યુમેન્ટસ ગેરકાયદેસર દબાણો અને અન્ય બાંધકામોથી ખડકાઈ ગયેલા જોવા મળી રહ્યા છે આ પરિસ્થિતિમાં અમદાવાદ શહેરને આપવામા આવેલા વૈશ્વિક હેરિટેજ સિટીના દરજ્જાને કાયમ માટે જાળવી રાખવાની કામગીરી અતિ કપરી બનવા પામી છે.યુનેસ્કો દ્વારા દરજ્જો આપતી વખતે કેટલીક શરતો મુકવામા આવી હતી આ શરતોમાં અમદાવાદમાં આવેલા મોન્યુમેન્ટસની આસપાસ કયાંય ગેરકાયદે દબાણો કે બાંધકામો હોવા ન જોઈએ.બીજી તરફ શહેરમાં આવેલા ભદ્રના કિલ્લા, ત્રણ દરવાજા,જામા મસ્જિદ ઉપરાંત અનેક મોન્યુમેન્ટસ દબાણો અને ગેરકાયદે બાંધકામોથી ઘેરાયેલા છે.આ મામલે પુરાતત્વ વિભાગ દ્વારા અનેક વખત નોટિસ આપવાથી લઈને કાયદેસરની પોલીસ ફરીયાદ પણ કરવામા આવી છે.પુરાતત્વ વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર,આસ્ટોડિયા વિસ્તારમાં આવેલી એક ઐતિહાસિક મસ્જીદમાં પીવીસી પાઈપલાઈનની મદદથી ૨૦ જેટલા એ.સી.ફીટ કરવામાં આવ્યા છે.આ ઉપરાંત ગત વર્ષે એક અકસ્માતમાં દિલ્હી દરવાજાને નુકસાન થવા પામ્યું છે. શહેરના જામા મસ્જિદ,ત્રણ દરવાજા, બાદશાહનો હજીરો અને રાણીનો હજીરો દબાણોથી ઘેરાયેલા છે.ઉપરાંત કારંજ વિસ્તારમાં આવેલી ઐતિહાસિક મસ્જીદમાં સ્ટીલના પતરા લગાવી તેના ઉપર પંખા લગાવવામાં આવ્યા છે.આ પરિસ્થિતિમાં યુનેસ્કોની ટીમ વર્ષ-૨૦૧૯માંફરી પરિસ્થિતિનું મુલ્યાંકન કરવા આવે એ અગાઉ આ તમામ દબાણો અને બાંધકામો દુર કરવા પડશે.

### ૨૫મી ઓગસ્ટથી ગણેશ મહોત્સવનો પ્રારંભ

# ગણપતિ દાદાના મહોત્સવને લઈ રાજ્યમાં તૈયારીઓ શરૂ

### અમદાવાદમાં ૩૦૦૦થી વધુ સ્થળોએ દાદાની મૂર્તિઓનું સ્થાપન થશે : દુંદાળા દેવનો ઉત્સવ ભકિતભાવ સાથે થશે

અમદાવાદ,તા.૨૧

વિઘ્નહર્તા દેવ ગણપતિદાદાના મહોત્સવ તા.૨૫મી ઓગસ્ટના ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસથી પ્રારંભ થનાર છે ત્યારે અમદાવાદ, સુરત, વડોદરા શહેર સહિત રાજયભરમાં ગણેશ મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ગણેશભકતો દાદાના વિશાળ પંડાલ અને શામિયાણા ઉભા કરવામાં અને ગૌરીપુત્ર ગણેશજીની મૂર્તિઓ ખરીદવામાં વ્યસ્ત બન્યા છે. દસ દિવસ ચાલતા ગણેશ મહોત્સવ બાદ અનંત ચતુર્દશીએ દાદાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. શંકર-પાર્વતીના પુત્ર ગણેશ ભગવાન એ સદ્બુધ્ધી, ધન-વૈભવ અને સૌભાગ્યના અધિપતિ દેવતા કહેવાય છે અને સર્વ દેવોમાં તેમની સૌથી પહેલી પૂજા થાય છે ત્યારે ગણેશ મહોત્સવને લઈ શહેર સહિત રાજયભરના ગણેશભકતોમાં પણ ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાદ્રપદની શુકલપક્ષની ચતુર્થીના દિવસથી ગણેશ મહોત્સવનો પ્રારંભ થાય છે. ગણેશ મહોત્સવને લઈ શહેરના વિવિધ વિસ્તારોમાં જુદા જુદા યુવક મંડળો દ્વારા સેંકડોની સંખ્યામાં દુંદાળા દેવ ગણપતિજીની વાજતે-ગાજતે, ફટકડાની આતશબાજી અને અબીલગુલાલની છોળો વચ્ચે શાહી સવારી કાઢી પોતપોતાના વિસ્તારોના પંડાલ-શામિયાણામાં વિવિધ સ્વરૂપોની આકર્ષક મૂર્તિઓનું વિધિવત્ રીતે સ્થાપન કરવામાં આવશે. અમદાવાદ શહેરમાં આ વખતે ત્રણ હજારથી વધુ સ્થળોએ ગણપતિદાદાની મૂર્તિઓનું સ્થાપન થાય તેવો અંદાજ છે. પાછલા કેટલાક વર્ષોથી મુંબઈની જેમ અમદાવાદ, સુરત, વડોદરા સહિતના શહેરોમાં પણ ગણેશ મહોત્સવનો ક્રેઝ લોકોમાં ખાસ કરીને ગણેશભકતોમાં ખૂબ જ વધતો જાય છે. દાદા પ્રત્યેની શ્રધ્ધા અને આસ્થા વધવાની સાથે સાથે શહેર સહિત રાજયભરમાં દાદાના પંડાલ અને ગણેશ સ્થાપનાની સંખ્યામાં પણ નોંધપાત્ર રીતે વધારો થયો છે. શહેરના ગુલબાઈ ટેકરા, બાપુનગર સહિતના વિસ્તારોમાં ગણેશ ભકતો દાદાની મૂર્તિઓ ખરીદવાનું આયોજન કરી રહ્યા છે. મોટી ટ્રકો, ટેમ્પા સહિતના વાહનોમાં વિઘ્નહર્તા દેવની અવનવી, આકર્ષક અને મનમોહક મૂર્તિઓ પોતાના પંડાલમાં સ્થાપન માટે લાવવાની તૈયારીઓ પણ ચાલી રહી છે. શહેરના ભદ્ર-લાલદરવાજા, નવા વાડજમાં ભીમજીપુરા ચાર રસ્તા પાસે, મેમનગરમાં તરૂણનગર પાસે, ગુરૂકુળ રોડ પર, શાહપુર હલીમની ખડકી પાસે સદાશિવ મંદિર પાસે, સેટેલાઈટ, વસ્ત્રાપુર, નારણપુરા, નવરંગપુરા, મણિનગર, પાલડી, વાસણા, વેજલપુર, જોધપુર, સરસપુર, નરોડા, કુબેરનગર, બાપુનગર, મેઘાણીનગર, અમરાઈવાડી સહિતના વિસ્તારોમાં દાદાના વિશાળ મંડપો, પંડાલ અને શામિયાણા અવનવા આકર્ષણો સાથે તૈયાર કરાઈ રહ્યા છે. દસ દિવસ સુધી ગણપતિદાદાનું ભકિતભાવ અને હર્ષોલ્લાસ સાથે પૂજન કરી દાદાનો મહોત્વસ રંગેચંગે મનાવાશે અને છેલ્લે અનંતચતુર્દશીના દિવસે દાદાની મૂર્તિઓનું ગણપતિ બાપ્પા મૌરયા, પુઢચ્યા વરસી લવકરિયા એટલે કે, દાદા આવતા વર્ષે વહેલા પધારજોના નારા સાથે વિસર્જન કરવામાં આવશે.

### માંડવી, ઉંમરગામ અને ઉમરપાડામાં પણ ચાર ઈંચ વરસાદ

# ગુજરાતના કુલ ૬૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ : વાપીમાં ૪ ઈંચ

## સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં પણ વરસાદી માહોલ યથાવત : રાજકોટમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ : દાહોદમાં વિજળી પડતા એકનું મોત

અમદાવાદ, તા.૨૧

ગુજરાતમાં પણ જુદા જુદા ભાગોમાં ઉલ્લેખનીય વરસાદ થયો છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અનેક ભાગોમાં આજે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. રાજકોટથી પ્રાપ્ત અહેવાલ મુજબ રવિવારે વરસાદની શરૂઆત થયા બાદ આજે સોમવારે પણ વરસાદી માહોલ અકબંધ રહ્યો હતો. અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. દરમિયાન રાજયમાં વરસાદે વિરામ લીધા બાદ ગઈકાલથી બીજી ઈનીંગની શરૂઆત થઈ છે. રાજયના ૬૮ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ થયો છે. જેમાં સુરત જિલ્લાના માંડવી તાલુકામાં ૧૦૭ મી.મી, ઉમરપાડામાં ૯૭ મી.મી, વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ૧૦૬ મી.મી અને વાપીમાં ૯૮ મળી કુલ ચાર તાલુકાઓમાં ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨૧.૦૮.૨૦૧૭ને સવારે ૭.૦૦ કલાકે પુરા થતા ચોવીસ કલાક દરમિયાન બોડેલી તાલુકામાં ૯૩ મી.મી, ભરૂચમાં ૮૩ મી.મી, ધરમપુરમાં ૮૨ મી.મી, વલસાડમાં ૭૯ મી.મી અને સુરત શહેરમાં ૭૬ મી.મી મળી કુલ પાંચ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ થયો છે.

આ ઉપરાંત વ્યારામાં ૬૦ મી.મી, ખેરગામમાં ૬૭ મી.મી, ચીખલીમાં ૬૪ મી.મી, માંગરોળમાં ૬૨ મી.મી, સંખેડામાં ૬૧ મી.મી, દહેગામમાં ૬૧ મી.મી વાલીયામાં ૬૧ મી.મી., પારડીમાં ૫૯ મી.મી., સુત્રાપાડામાં ૫૮ મી.મી., ચોર્યાસીમાં ૫૮ મી.મી., અમદાવાદ શહેરમાં ૫૫ મી.મી. સાણંદમાં ૫૫ મી.મી., ગાંધીનગરમાં ૫૩ મી.મી., ઉનામાં ૫૨ મી.મી., અને કપરાડામાં ૫૦ મી.મી. મળી કુલ ૧૫ તાલુકાઓમાં બે ઈંચથી વધુ જયારે અન્ય ૪૪ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજકોટમાં ભારે વરસાદના લીધે કેટલાક સ્થળો પર ટ્રાફિકની સ્થિતિ સર્જાઈ હતી. હિંમતનગરથી પ્રાપ્ત અહેવાલ મુજબ સાબરકાંઠા જિલ્લામાં વરસાદનું આગમન થયું હતું. વરસાદનું આગમન થતાં ખેડુતોના ચહેરા પર ખુશી જોવા મળી રહી છે. જિલ્લામાં ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકામાં ૨ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો. જયારે ઈડર, હિંમતનગર, તલોદ, પોશીના અને પ્રાંતિજમાં ૧ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. જયારે અરવલ્લીમાં છેલ્લા અઠવાડિયા ઉપરાંતના સમયથી વાતાવરણમાં અચાનક પલ્ટો આવતા અસહ્ય ગરમી પડવાની શરૂઆત થઈ હતી. લોકો કાળઝાર ગરમી અને અસહ્ય ઉકળાટથી પરસેવે રેબજેબ દેખાઈ રહ્યા હતા. ત્યારે જિલ્લામાં મેઘરજમાં ૨૮ મી.મી ભિલોડામાં ૨૨મીમી, મોડાસમાં ૨૧ મીમી અને માલપુરમાં ૨૦મીમી જયારે બાયડમાં ૯ મીમી અને ધનસુરામાં ૧૧મીમી વરસાદ નોંધાયો હતો. જયારે ઉત્તર ગુજરાતની વાત કરીએ તો મહેસાણા જિલ્લામાં સતલાસણા અને કડીમાં ૧ ઈંચ જયારે બનાસકાંઠા અને પાટણમાં સરેરાસ અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. દરમિયાન દાહોદમાં વિજળી પડતા એક વ્યક્તિનું મોત થયું હોવાના અહેવાલ મળ્યા છે.

### દરિયાકાંઠાના વિસ્તારોમાં ખાસ તકેદારી

# ભારે વરસાદની આગાહીની વચ્ચે ઓરેન્જ એલર્ટ જાહેર

## તમામ જિલ્લા કલેક્ટરોને સાવધાન રહેવા માટે સૂચના

અમદાવાદ, તા.૨૧

ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવ્યા બાદ હજુ પણ વહીવટીતંત્ર સાબદુ થયેલું છે. દક્ષિણ ગુજરાત સહિત દરિયાકાંઠાના વિસ્તારોમાં ઓરેન્જ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. એકબાજુ સ્વાઈન ફલુનો આતંક જારી રહ્યા છે ત્યારે બીજી બાજુ ફરી એકવાર વરસાદની શરૂઆત થતાં સ્થિતિ વણશે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગની આગાહી મુજબ જિલ્લામાં શનિવારથી જ મેઘાવી માહોલ છવાયો હતો. અને ખેડબ્રહ્મા વડાલી વિજયનગર ઈડર પંથકમાં ૧ ઈંચથી અઢી ઈંચ જેટલો વરસાદ શનિવાર રાત્રી દરમિયાન નોંધાયો હતો. હવામાન વિભાગ દ્વારા હજુ ૩૬ કલાક સારા વરસાદની આગાહી કરવામાં આવી છે જેને લઈને મામલતદારો અને ટીડીઓને હેડ ક્વાર્ટર ન છોડવાના આદેશ આપવામાં આવ્યા છે. ભારેથી અતિભારે વરસાદની આગાહીને પગલે રાજ્ય સરકારે તમામ જિલ્લા કલેક્ટરને સાબદાં રહેવા અપાયેલી સુચના આપી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં વરસાદના નવા રાઉન્ડની સાથે જ તંત્ર દ્વારા પણ પગલા લેવામાં આવી રહ્યા છે. છેલ્લા બે દિવસથી ફરી વરસાદી માહોલ છે.



શ્રાવણી સોમવતી અમાસ નિમિત્તે બહુચર માતાના મંદિરમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી.

### મેલેરિયા-ઝેરી મેલેરિયાના ૧૩૦૦થી વધુ કેસ

# અમદાવાદ : ઝાડા-ઉલ્ટીના ૧૯ દિવસમાં જ ૬૪૩ કેસ

## ડેન્ગ્યુના ૭૩ કેસ નોંધાયા : ટાઈફોઈડના કુલ ૧૬૯ કેસો સપાટી પર : વહીવટી તંત્રના પગલાઓ બિનઅસરકારક

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદ શહેરની હાલ માઠી દશા ચાલી રહી હોય એમ જ્યાં એક તરફ શહેરમાં સ્વાઈનફલૂના રોજ સંખ્યાબંધ કેસ સપાટી ઉપર આવી રહ્યા છે આ સાથે જ મોતની સંખ્યા પણ રોજબરોજ ચિંતાજનક રીતે વધતી જઈ રહી છે આ પરિસ્થિતિની વચ્ચે શહેરમાં મચ્છરજન્ય રોગના કેસમાં પણ ચિંતાજનક વધારો થવા પામ્યો છે અમદાવાદ શહેરમાં છેલ્લા ૧૯ દિવસમાં મચ્છરજન્ય રોગ મેલેરીયા,ઝેરી મેલેરીયાના અને ચીકનગુનીયાના મળીને કુલ ૧૩૦૭ જેટલા કેસ નોંધાવા પામતા મ્યુનિસિપલ તંત્રની નિષ્ફળતા છતી થવા પામી છે આ સાથે જ શહેરમાં પાણીજન્ય એવા રોગના કેસમાં પણ ઝડપથી વધારો થતો જોવા મળી રહ્યો છે. આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાતાવરણ વાદળછાયુ અને ભેજવાળુ જોવા મળી રહ્યુ છે આ સાથે જ વચ્ચે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ રહેવાને કારણે અમદાવાદમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે આ કારણથી શહેરના અનેક વિસ્તારોમાં ઘેર-ઘેર બીમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અનેક પ્રકારની કામગીરી કરવામા આવી રહી હોવાના દાવાઓની વચ્ચે પણ જે પ્રકારે અમદાવાદ શહેરમાં આ મહિનાની શરૂઆતથી સ્વાઈનફલૂની સાથે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસમાં વધારો થવા પામ્યો છે એ ચિંતાજનક છે.

ખાસ કરીને અમદાવાદ શહેરમાં આ માસની શરૂઆતથી ૧૯મી સુધીમાં મેલેરીયાના ૧૧૨૨ જેટલા કેસ નોંધાવા પામ્યા છે આ ઉપરાંત ઝેરી મેલેરીયાના પણ આ દિવસો દરમિયાન કુલ મળીને ૧૮૧ જેટલા કેસ નોંધાવા પામ્યા છે. અમદાવાદ શહેરમાં ૧૯ ઓગસ્ટ સુધીમાં ચીકનગુનીયાના પણ ચાર કેસ નોંધાવા પામ્યા છે. અમદાવાદીઓ માટે જે બાબત ચિંતાજનક છે એ મચ્છરોના ઉપદ્રવની છે તંત્ર દ્વારા મચ્છરોને નિયંત્રણમાં લેવા માટે એન્ટિલાર્વા પ્રવૃત્તિ કરવામા આવતી હોવાના દાવાઓ કરવામા આવી રહ્યા છે જ્યારે બીજી તરફ શહેરમાં ૧૯ ઓગસ્ટ સુધીમાં ડેન્ગ્યુના કુલ મળીને ૭૩ જેટલા કેસ નોંધાવા પામ્યા છે. આ સાથે જ શહેરમાં પ્રદૂષિત પાણીના કારણે ઝાડા-ઉલ્ટીના કુલ મળીને ૬૪૩ જેટલા કેસ નોંધાવા પામ્યા છે. ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં કમળાના કુલ ૧૩૪ જેટલા કેસ નોંધાવા પામ્યા છે જયારે ટાઈફોઈડના કુલ ૧૬૯ જેટલા કેસ નોંધાવા પામ્યા છે. અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા ખાનગી તબીબોને ત્યાં દર્દીઓની લાંબી કતારો લાગેલી જોવા મળી રહી છે. તબીબોના મતે અમદાવાદ શહેરમાં આવનારા એકથી દોઢ માસ સુધી રોગચાળાની આ પરિસ્થિતિ જોવા મળી શકે એ સંભાવનાને નકારી શકાય એમ નથી.

### ગુજરાત હાઈકોર્ટના ધારાશાસ્ત્રી

# જયેશ ભૈરવીયાની પટણા કેટના જજ તરીકે નિયુકિત

અમદાવાદ,તા. ૨૧

ગુજરાત હાઈકોર્ટના જાણીતા એડવોકેટ અને કેન્દ્ર સરકારના સ્ટેન્ડીંગ કાઉન્સીલ એવા શ્રી જયેશ ભૈરવીયાની બિહાર રાજયની પટણા સેન્ટ્રલ એડમીનીસ્ટ્રેટીવ ટ્રિબ્યુનલ(કેટ)ના જજ (જયુડીશીયલ મેમ્બર) તરીકે નિમણૂંક કરવામાં આવી છે. શ્રી જયેશ ભૈરવીયા ગુજરાતભરમાંથી કેટના જજ બનનાર સૌપ્રથમ એડવોકેટ છે. ૫૪ વર્ષીય જયેશ ભૈરવીયા તેમના હોદ્દાનો ચાર્જ તા.૨૪મી ઓગસ્ટથી સંભાળી લેશે. ઉલ્લેખનીય છે કે, જાણીતા એડવોકેટ જયેશ ભૈરવીયાએ ગુજરાત હાઈકોર્ટમાં પણ તેમની વકીલાતની કારકિર્દી દરમ્યાન સર્વિસ મેટરો, બંધારણીય કેસો, કામદારોના કેસો, સમાજના વંચિત અને ઉપેક્ષિત વર્ગોના કેસો લડયા હતા અને ઐતિહાસિક ચુકાદાઓ મેળવ્યા હતા. સામાજિક સેવા અને જરૂરિયાતમંદ લોકોના ઉત્કર્ષ માટે પણ શ્રી ભૈરવીયાએ બહુ ઉમદા સેવા આપી હતી. ગુજરાતભરના વકીલઆલમમાંથી સીધા સેન્ટ્રલ એડમીનીસ્ટ્રેટીવ ટ્રિબ્યુનલના જજ તરીકે મહત્વની નિયુકિત પામનાર જયેશ ભૈરવીયા સૌપ્રથમ એડવોકેટ છે, જે ગુજરાત માટે ખાસ કરીને અમદાવાદ માટે પણ ખૂબ ગૌરવની વાત છે કારણ કે, તેઓ અમદાવાદના વતની છે. શ્રી ભૈરવીયા પટણા બેંચના જયુડીશીયલ મેમ્બર તરીકેનો તેમના નવા હોદ્દાનો ચાર્જ તા.૨૪મી ઓગસ્ટથી સંભાળી લે તેવી પૂરી શકયતા છે.

### રાજકોટ પો.કમિ.ના નિર્ણયને હાઈકોર્ટમાં પડકારાયો

# લોકમેળાઓ પર પ્રતિબંધને હટાવવા હાઈકોર્ટેનો ઈન્કાર

## સ્વાઈન ફલુની સ્થિતિને ધ્યાનમાં લઈને કોર્ટે લોકમેળાના પ્રતિબંધના નિર્ણય સામે સ્ટે ના આપ્યો : પ્રતિબંધ યથાવત્

અમદાવાદ,તા. ૨૧

રાજયમાં ગંભીર રીતે બેકાબૂ બનેલી સ્વાઈન ફલુની પરિસ્થિતિને લઈ રાજકોટમાં લોકમેળાઓ પર પ્રતિબંધ ફરમાવતાં રાજકોટ પોલીસ કમિશનરના જાહેરનામાને ગુજરાત હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યું હતું અને લોકમેળાઓ પરના પ્રતિબંધને ઉઠાવી લેવા માંગણી કરવામાં આવી હતી. જો કે, ગુજરાત હાઈકોર્ટે સ્વાઈન ફલુની મહામારીની વકરતી પરિસ્થિતિ અને તેની ગંભીરતાને ધ્યાનમાં લઈ અરજદારપક્ષને રાહત આપવાનો અને રાજકોટ પોલીસ કમિશનરના લોકમેળાઓ પર પ્રતિબંધ ફરમાવતા નિર્ણય સામે સ્ટે આપવાનો સાફ ઈનકાર કરી દીધો હતો. અરજદારપક્ષ તરફથી રિટ અરજીમાં એવા મુદ્દા ઉઠાવાયા હતા કે, રાજકોટ પોલીસ કમિશનર દ્વારા તાજેતરમાં એક વિવાદીત નિર્ણય મારફતે કોઈપણ લોકમેળાઓ પર પ્રતિબંધ ફરમાવી દીધો છે અને તે અંગેનું જાહેરનામું પણ જારી કર્યું છે, પરંતુ રાજકોટ પોલીસ કમિશનરના આ જાહેરનામાથી લોકોની સ્વતંત્રતા, બંધારણીય અધિકાર અને મૂળભૂત હક્કોનો ભંગ થાય છે.

આ પ્રકારે લોકોના અધિકાર અને હક્કો પર તરાપ મારવાની તેમને સત્તા નથી. રાજકોટ પોલીસ કમિશનર દ્વારા જારી કરાયેલ નિર્ણય બંધારણીય જોગવાઈઓના ભંગ સમાન અને ગેરકાયદે હોવાથી તેને હાઈકોર્ટે રદબાતલ જાહેર કરવું જોઈએ અને લોકમેળાની પરવાનગી આપવી જોઈએ. જો કે, હાઈકોર્ટે સ્વાઈન ફલુની રાજયભરમાં વકરતી જતી પરિસ્થિતિ અને તેના વધુ ફેલાવાને અટકાવવા સહિતના પાસાઓને ધ્યાનમાં લઈ રાજકોટ પોલીસ કમિશનરના જાહેરનામા સામે સ્ટે આપ્યો ન હતો.



રાજયસભાની ચૂંટણીમાં અહેમદ પટેલની જીત બાદ ગુજરાત કોંગ્રેસમાં ખુશી જોવા મળી રહી છે. આના ભાગરુપે ગુજરાત કોંગ્રેસના સભ્યો દિલ્હીમાં પહોંચ્યા હતા. રાહુલ ગાંધી ભારે ઉત્સાહ સાથે તમામ સભ્યો સાથે વાત કરીહતી અને તેમનું સ્વાગત પણ કર્યું હતું.

### મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની મહત્વની જાહેરાત

# કોંગ્રેસના બાગી ધારાસભ્યો વિધિવત્ ભાજપમાં જોડાશે

## સૌથી પહેલાં રાઘવજી, હકુભા જામનગરના કાર્યક્રમ ખાતે ભાજપમાં જોડાશે : ત્યારબાદ જ બીજા ધારાસભ્યો જોડાશે

અમદાવાદ,તા. ૨૧

કોંગ્રેસ સાથેનો છેડો ફાડીને બેઠેલા બળવાખોર ધારાસભ્યો હવે આગામી દિવસોમાં ભાજપમાં સત્તાવાર રીતે જોડાઈ જશે. કોંગ્રેસમાંથી છેડો ફાડીને આવેલા ધારાસભ્યોને આગામી દિવસોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજા સહિતના મહાનુભાવોની હાજરીમાં ભાજપમાં વિધિવત્ રીતે આવકારી સામેલ કરાશે અને ભાજપનો કેસરિયો ખેસ પહેરાવાશે. સૌપ્રથમ તા.૨૩મીએ જામનગર ખાતેના કાર્યક્રમમાં બળવાખોર રાઘવજી પટેલ અને હકુભા જાડેજા અનેક કોંગ્રેસી કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાશે. આજે શ્રાવણ માસના છેલ્લા સોમવાર અને સોમવતી અમાસના પાવન દિવસે સોમનાથ મહાદેવના દર્શન કર્યા બાદ રાજકોટ આવેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે સ્પષ્ટ કર્યું હતું કે, કોંગ્રેસનો સાથ છોડી દેનારા તમામ ધારાસભ્યોને ભાજપ પ્રેમ અને આદર સાથે પક્ષમાં સમાવશે. વિવિધ કાર્યક્રમો મારફતે કોંગ્રેસમાંથી આવેલા આ ધારાસભ્યોની સાથે કોંગ્રેસના કાર્યકર્તાઓ પણ ભાજપમાં જોડાશે. આ જ પ્રકારે કોંગ્રેસમાંથી રાજીનામુ આપનાર ધારાસભ્ય અમિત ચૌધરી આવતા સોમવારે માણસા ખાતે પોતાના સમર્થકો સાથે ભાજપમાં જોડાય તેવી શકયતા છે. તદુપરાંત, કોંગ્રેસના બાગી ધારાસભ્યો ભોળાભાઈ ગોહિલ, ધર્મેન્દ્રસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ વાઘેલા, ભોળાભાઈ ગોહિલ, સી.કે.રાઉલજી અને કરમશી પટેલ પણ આગામી દિવસોના કાર્યક્રમો નક્કી થાય તે મુજબ ભાજપમાં જોડાશે. દરમ્યાન મુખ્યમંત્રીએ કોંગ્રેસના ધારાસભ્યોની દિલ્હીમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથેની મુલાકાતને હાસ્યાસ્પદ ગણાવી હતી અને જણાવ્યું હતું કે, ધારાસભ્યોને બેરીકેડમાં ઉભા રહેવું પડયું તે જ દર્શાવે છે કે, કોંગ્રેસને તેમના ધારાસભ્યો પર વિશ્વાસ નથી.

### ઝાકીયા જાફરીની અરજીમાં હાઈકોર્ટમાં ચુકાદો ટળ્યો

# ગુલબર્ગ કેસ સંબંધી કેટલાક પ્રશ્નોનો કોર્ટે જવાબ માંગ્યો

## પક્ષકારો પાસે હાઈકોર્ટે જવાબ માંગ્યો : ઝાકીયા જાફરીની અરજી ઉપર ૨૪મી અથવા ૨૮મીએ ચુકાદાની સંભાવના

અમદાવાદ, તા.૨૧

ગુજરાત સહિત દેશભરમાં ખળભળાટ મચાવનાર ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં આ હત્યાકાંડમાં માર્યા ગયેલા કોંગ્રેસના પૂર્વ સાસંદ એહસાન જાફરીના વિધવા ઝાકીયા જાફરીએ સીટના કલોઝર રિપોર્ટને પડકારતી હાઈકોર્ટમાં કરેલી રિવીઝન અરજીમાં આજે ગુજરાત હાઈકોર્ટે તેનો ચુકાદો ટાળી દીધો હતો. હાઈકોર્ટે અરજદાર અને સરકારપક્ષને કેસની સુનાવણી દરમ્યાન કેટલાક પ્રશ્નો કર્યા હતા અને તેના જવાબ રજૂ કરવા મૌખિક નિર્દેશ કર્યો હતો. કોર્ટના પ્રશ્નોના પ્રત્યુત્તર મળ્યા બાદ હાઈકોર્ટ દ્વારા તા.૨૪મી અથવા તા.૨૮મી ઓગસ્ટના રોજ આ કેસમાં પોતાનો ચુકાદો જાહેર કરાય તેવી શકયતા છે. હાઈકોર્ટે આજે અરજદારપક્ષ અને સીટ(સરકારપક્ષ)ને મહત્વની પૃચ્છા કરી હતી કે, શું સુપ્રીમકોર્ટના હુકમને લગતા તમામ કાગળો-દસ્તાવેજો ગુલબર્ગ કેસના ટ્રાયલમાં મૂકવામાં આવ્યા હતા? શું સુપ્રીમકોર્ટના આખરી નિર્ણય બાદ ગુલબર્ગ હત્યાકાંડ કેસ કે ૨૦૦૨ના રમખાણોના કેસમાં કોઈ વધુ તપાસ થઈ હતી ખરી?, ગુલબર્ગ કેસના ચુકાદામાં આ પ્રકારની ઘણી વિગતોનો ઉલ્લેખ નથી તો કેમ ? હાઈકોર્ટે આ તમામ પૃચ્છા પર જવાબ આપવા પક્ષકારોને નિર્દેશ કર્યો હતો. ચકચારભર્યા ગુલબર્ગ હત્યાકાંડના આ મામલાની વિગતો એવી છે કે, ગુલબર્ગ હત્યાકાંડ કેસ સંદર્ભે રાજયના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી, અન્ય રાજકીય નેતાઓ-આગેવાનો અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત ૬૭ જણાં સામે એફઆઈઆર દાખલ કરવા અગાઉ ઝાકીયા જાફરીએ રાજયના ડીજીપીને અરજી કરી હતી. જો કે, ડીજીપીએ તેમની આ અરજી ગ્રાહ્ય રાખી ન હતી. જેને પગલે ઝાકીયા જાફરીએ મોદી સહિતના મહાનુભાવો વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરાવવા માટે ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી કરી હતી. પરંતુ હાઈકોર્ટે પણ તેમની આ રિટ અરજી ફગાવી દીધી હતી અને જણાવ્યું હતું કે, જો પોલીસ દ્વારા આ મામલે એફઆઈઆર દાખલ ના કરવામાં આવતી હોય તો અરજદાર ઝાકીયા જાફરી સંબંધિત કોર્ટમાં ખાનગી ફરિયાદ દાખલ કરી શકે છે. એ પછી ઝાકીયા જાફરીએ સુપ્રીમકોર્ટમાં આ સમગ્ર મુદ્દે પિટિશન દાખલ કરી હતી. જેમાં સુપ્રીમકોર્ટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમને ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં તપાસ કરવાનો હુકમ કર્યો હતો. સીટના અધિકારીઓએ તપાસના અંતે સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર, મેટ્રોપોલીટન કોર્ટમાં ગુલબર્ગ હત્યાકાંડ કેસમાં કલોઝર રિપોર્ટ રજૂ કર્યો હતો. જેની સામે ઝાકીયા જાફરીએ પોતાની વાંધા અરજી રજૂ કરી હતી, જેને કોર્ટે ફગાવી દઈ સીટના કલોઝર રિપોર્ટને્ ગ્રાહ્ય રાખ્યો હતો. સીટના આ કલોઝર રિપોર્ટને પડકારતી રિવીઝન અરજીમાં ઝાકીયા જાફરીએ માંગણી કરી હતી કે, ગુલબર્ગ હત્યાકાંડના સમગ્ર કેસમાં વધુ તપાસ કરાવવામાં આવે અને તેમની સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ(સીટ)ના કલોઝર રિપોર્ટ સામે વાંધાઓ રજૂ કરતી જે વાંધા અરજી અપાઈ હતી, તેને જ ખાનગી ફરિયાદ ગણીને જે તે કોર્ટમાં ટ્રાયલ ચલાવવામાં આવે. જો કે, સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ(સીટ) તરફથી ઝાકીયા જાફરીની અરજીનો સખત વિરોધ કરતાં જણાવાયું હતું કે, સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમે સુપ્રીમકોર્ટના ચુકાદા મુજબ સમગ્ર કેસમાં તપાસ હાથ ધરી છે અને સુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર જ નીચલી કોર્ટ(મેટ્રોપોલીટન કોર્ટ)માં આ કેસમાં કલોઝર રિપોર્ટ રજૂ કર્યો છે. વળી, નીચલી કોર્ટમાં સીટે જયારે કલોઝર રિપોર્ટ રજૂ કર્યો ત્યારે અરજદારને દલીલો અને રજૂઆત કરવાની પૂરતી તક અપાઈ હતી. કોર્ટે જાફરીની રજૂઆત અને દલીલો ધ્યાને લઈને તેમ જ તેમની વાંધાઅરજીની હકીકતો પણ લક્ષ્યમાં લીધા બાદ જ કોર્ટે સીટનો કલોઝર રિપોર્ટ મંજૂર કર્યો હતો.



અમદાવાદ શહેરના પાલડી વિસ્તારમાં ભુવો પડવાના કારણે હાલમાં ભારે તકલીફ પડી રહી છે.

### સોનિયા ,રાહુલે ધારાસભ્યોની વફાદારી બિરદાવી

# ધારાસભ્યોની સોનિયા-રાહુલ ગાંધી સાથે દિલ્હીમાં વાતચીત

### કોંગ્રેસના ધારાસભ્યો ૨ ૩મીએ દિલ્હીથી સીધા જ ચેન્નાઇ જશે : તિરૂપતિ બાલાજી દર્શન કર્યા બાદ અમદાવાદ પરત



અમદાવાદ,તા. ૨૧

રાજયસભાની પ્રતિષ્ઠિત ચૂંટણીમાં કપરા સંજોગોમાં કોંગ્રેસ પક્ષની સાથે રહેનાર અને કોઈપણ ભોગે પક્ષના દિગ્ગજ નેતા એહમદ પટેલને જીતાડનાર કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોની આજે કોંગ્રેસ પક્ષ દ્વારા આખરે કદર કરવામાં આવી છે. કોંગ્રેસના વફાદાર ધારાસભ્યોને આજે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરાવવામાં આવી હતી. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીએ ગુજરાતના તમામ ધારાસભ્યોની વફાદારી અને કપરા સંજોગોમાં તેઓને મળેલી કરોડો રૂપિયાની મળેલી ઓફર અને ટિકિટ સહિતના પ્રલોભનોને હુકરાવવાના બહાદુરીભર્યા પ્રયાસને બિરદાવ્યા હતા. ધારાસભ્યોએ પણ મોવડીમંડળના બંને નેતાઓનો આભાર માન્યો હતો. કોંગ્રેસપક્ષના વફાદાર ધારાસભ્યોની ઈમાનદારી અને વફાદારીની કદર કરવાના ભાગરૂપે ગુજરાત કોંગ્રેસના ટોચના નેતાઓ અને રાષ્ટ્રીય નેતા એહમદ પટેલે તમામ ધારાસભ્યોને કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધી અને ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરાવવાનું વચન આપ્યું હતું. જેના ભાગરૂપે ગઈકાલે કોંગ્રેસના ધારાસભ્યો અમદાવાદ એરપોર્ટ પરથી ઈન્ડિગો ફલાઈટ મારફતે રાત્રએ જ દિલ્હી પહોંચી ગયા હતા. આજે બપોરે તમામ ધારાસભ્યોની કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સાથે મુલાકાત અને તેમની સાથે ભોજનનું આયોજન કરાયું હતું, જે દરમ્યાન ઔપચારિક ચર્ચા વાતો થઈ હતી. આવતીકાલે પણ ગુજરાત કોંગ્રેસના નેતાઓ અને તમામ ધારાસભ્યો સાથેની બેઠકનો દોર જારી રહેશે. દરમ્યાન આવતીકાલે સાંજે ૫-૩૫એ દિલ્હીથી ગુજરાત કોંગ્રેસના તમામ વફાદાર ધારાસભ્યો ચેન્નાઇ જવા રવાના થશે અને લગભગ ૮-૩૦ વાગ્યે ચેન્નાઇ ઉતરશે. ચેન્નાઈમાં જ રાતવાસો કરી બીજા દિવસે તા.૨૩મી ઓગસ્ટે સવારે ૭-૩૦ વાગ્યે તમામ ધારાસભ્યોને તિરૂપતિ દર્શન માટે લઈ જવાશે. સવારે ૧૦-૩૦ વાગ્યે તિરૂપતિ પહોંચ્યા બાદ લગભગ ૧૨-૦૦ વાગ્યે તમામ ધારાસભ્યો મંદિરમાં પ્રવેશ મેળવશે. મંદિરમાં ભગવાન બાલાજીના દર્શન કર્યા બાદ સાંજે ૪-૦૦ વાગ્યે તિરૂપતિથી ફરી ચેન્નાઇ જવા ધારાસભ્યો રવાના થશે. જયાં રાત્રે ૯-૫૫ની ફલાઈટમાં બેસી તમામ ધારાસભ્યો ફરી ૧૨-૧૫ મિનિટે અમદાવાદમાં પરત ફરશે.

### ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળા જેવો ઘાટ

# તમામ અધિકારીઓને રાત્રિ રાઉન્ડ લેવાની કડક તાકિદ

### અગાઉના કમિશનરે પણ આ પ્રમાણેનો પરિપત્ર કર્યો હતો છતાં સ્થિતિમાં કોઈ ફરક પડ્યો ન હતો : ફરીવાર તાકીદ

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદ શહેરમાં જ્યાં એક તરફ શહેરના ૨૦૨ કિલોમીટરના રસ્તા તુટી જવા પામ્યા છે એને લઈને શહેરીજનો ત્રસ્ત બન્યા છે આ ઉપરાંત શહેરમાં આ માસની શરૂઆતથી જ જે પ્રમાણે રોગચાળાની પરિસ્થિતિને લઈને લોકો હાલાકી ભોગવી રહ્યા છે આ પરિસ્થિતમાં મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે આજે ૧૮ જેટલા ઉચ્ચ અધિકારીઓને રાત્રી દરમિયાન રાઉન્ડ લઈ બીજા દિવસે બપોર સુધીમાં મેઈલ દ્વારા રિપોર્ટ આપવા કડક આદેશ કર્યો છે. આ અગાઉના કમિશનર દ્વારા પણ આ પ્રકારે આદેશ કરવામા આવ્યો હતો છતાં પરિસ્થિતિમાં કોઈ ફરક પડ્યો ન હતો. આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ શહેરમાં પડેલા ભારે વરસાદ બાદ ઉભી થયેલી રસ્તા અને રોગચાળાની પરિસ્થિતિમાં હવે ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળા મારવા જેવી પરિસ્થિતિમાં મ્યુનિસિપલ કમિશનર મુકેશ કુમારે નાગરીકોને પુરી પાડવામાં આવતી રોડ, ડ્રેનેજ, પાણી, સ્ટ્રીટલાઈટ, હેલ્થ, રખડતા ઢોર, ફાયર વિભાગ સહીતની સેવાઓનું મોનીટરીંગ કરવા માટે ૧૮ જેટલા ઉચ્ચ અધિકારીઓ કે જેમાં જે તે ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર,ઈજનેર વોટર પ્રોજેકટ,રોડ પ્રોજેકટ સહીતના ઉચ્ચ અધિકારીઓનો સમાવેશ થાય છે આ તમામને રાત્રી દરમિયાન રાઉન્ડ લઈ ક્યાં શુ પરિસ્થિતિ છે તે અંગેનો રિપોર્ટ કરવા આદેશ કર્યો છે. અધિકારીઓએ તેમના રાઉન્ડ દરમિયાન સ્ટાફની હાજરી ઉપરાંત મ્યુનિસિપલ મિલકતોની ચકાસણી, સાફ-સફાઈ, સ્ટ્રીટલાઈટની સ્થિતિ કચરા ઉપરાંત શહેરમાં ભારે વરસાદને લઈને ખરાબ થઈ ગયેલા રસ્તાઓનુ પણ નિરિક્ષણ કરવાનુ રહેશે,કમિશનરે આ તમામને ફરજ સોંપવાની સાથે એમ પણ કહ્યુ છે કે,તમામે બીજા દિવસે બપોરે બાર સુધીમાં તેમના રાઉન્ડ અંગેનો રિપોર્ટ મ્યુનિસિપલ કમિશનરને મોકલવાનો રહેશે.

આ અગાઉ પૂર્વ મ્યુનિસિપલ કમિશનર ડી. તારાના સમયમાં પણ આ પ્રકારનો આદેશ કરવામા આવ્યો હતો, પરંતુ તેમની બદલી થતા અધિકારીઓ રાઉન્ડમાં ગયા જ નહતા.

### સોમવતી અમાસ નિમિત્તે શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા

# વિજય રૂપાણીએ સોમનાથ મહાદેવ મંદિરમાં પૂજા કરી

### મુખ્યમંત્રીએ શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના કરી : ધ્વજારોહણ



અમદાવાદ, તા.૨૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે પ્રથમ જ્યોતિલિંગ ભગવાન શ્રી સોમનાથ શ્રદ્ધાપૂર્વક દર્શન, પૂજન અને ધ્વજારોહણ કરી સૌ માટે મંગલ કામના કરી હતી. મહાદેવની પુજા-અર્ચના કરી ધન્યતા અનુભવી મુખ્યમંત્રીએ ગુજરાતની ઉન્નતી અને સર્વાંગી પ્રગતિની પ્રાર્થના કરી હતી. મુખ્યમંત્રી સોમવતી અમાસના પવિત્ર દિવસે અને શ્રાવણ માસના અંતિમ સોમવારે સોમનાથ દાદાની આરતીનો પણ લાભ લીધો હતો. મુખ્યમંત્રી સાથે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણભાઈ વોરા, ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા, પાણી પુરવઠા રાજ્યમંત્રી જશાભાઈ બારડ, પ્રવાસન નિગમના ડિરેકટર ઝવેરીભાઈ ઠકરાર, નગરપાલિકા પ્રમુખ જગદીશભાઈ પણ આપતીનો લાભ લીધો હતો. મુખ્યમંત્રીએ તેમના ધર્મપત્ની અંજલીબેના રૂપાણી સાથે વિવિધ પ્રકારના દ્રવ્યો, ગંગાજળથી ભગવાન શ્રી સોમનાથને અભિષેક કર્યા હતા. સોમનાથ મંદિરના મુખ્ય પુજારી ધનંજયભાઈ દવે અને વિપ્રગણ દ્વારા શાસ્ત્રોક્ત-વેદોક્ત મંત્રોગાનથી સમગ્ર વાતાવરણમાં અનોખા પ્રકારની દિવ્યતા પ્રસરી ગઈ હતી. સોમનાથ મંદિર ખાતે મુખ્યમંત્રીનું સોમનાથ ટ્રસ્ટ વતી જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ સ્વાગત કર્યું હતું. જિલ્લા કલેકટર ડૉ. અજયકુમાર, જિલ્લા વિકાસ અધિકારી અશોક શર્મા, જિલ્લા પોલીસ વડા હીતેષ જોયસરે પણ સોમનાથ દાદાની આરતીનો લાભ લીધો હતો. પ્રભાત તિર્થ સ્થિત સોમનાથ ખાતે આજે શ્રાવણ માસના અંતિમ સોમવારે અને સોમવતી અમાસના પવિત્ર દિવસે માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. વહેલી સવારથી લોકો દર્શન માટે આળી શાંતીપૂર્વક સોમનાથ દાદાના દર્શન કરી સોમનાથ પરિસરના પવિત્ર વાતાવરણનો લાભ લીધો હતો.

# કૈલાસ યાત્રા શ્રદ્ધાળુ માટે આજે અભિવાદન કાર્યક્રમ

અમદાવાદ, તા.૨૧

ભારતીય સંસ્કૃતિની અતિ પ્રાચીન, પવિત્ર અને પાવનકારી કૈલાસ માનસરોવર યાત્રા પરિપૂર્ણ કરનાર ગુજરાતના ભાગ્યશાળી યાત્રિકોનો અભિવાદન સમારોહ આવતીકાલ તા. ૨૨ ઓગસ્ટ-૨૦૧૭ને મંગળવારના અમદાવાદ ખાતે યોજાશે એમ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર ભારત સરકારના વિદેશ મંત્રાલય દ્વારા પસંદગી પામીને વર્ષ ૨૦૧૫-૧૬માં યાત્રા પરિપૂર્ણ કરનાર યાત્રિકોને રાજ્યના રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના હસ્તે સ્મૃતિચિન્હ તથા ચેક અર્પણ કરી પ્રોત્સાહિત કરાશે. આ પ્રસંગે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્ર ત્રિવેદી અને ઉપાધ્યક્ષ રાજુભાઈ ધ્રુવ પણ ખાસ ઉપસ્થિત રહેશે તો, યાત્રિકોને પ્રોત્સાહિત કરવા માટે નાગરિકોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ છે તેમ વધુમાં જણાવાયું છે.

# હવે બળવંતસિંહની અરજીમાં પંચ સહિતના પક્ષકારને નોટિસ

અમદાવાદ,તા. ૨૧

કોંગ્રેસમાંથી છેડો ફાડી ભાજપમાં જોડાઈ ભાજપના ઉમેદવાર તરીકે રાજયસભાની ચૂંટણીમાં ઉભા રહી કારમી હારનો સામનો કરનાર બળવંતસિંહ રાજપૂતે ગુજરાત હાઈકોર્ટમાં કરેલી પિટિશનમાં જસ્ટિસ બેલાબહેન ત્રિવેદીએ કેન્દ્રીય ચૂંટણી પંચ, રાજયસભાના ભાજપના વિજયી ઉમેદવારો અમિત શાહ અને સ્મૃતિ ઈરાની તેમ જ કોંગ્રેસના જીતેલા ઉમેદવાર એહમદ પટેલને નોટિસ જારી કરી છે. રાજપૂતે રાજયસભાની ચૂંટણીની પરિણામને પડકારી કોંગ્રેસના વિજયી ઉમેદવાર એહમદ પટેલના પરિણામને રદબાતલ ઠરાવવા પિટિશનમાં દાદ માંગી છે. આજે આ કેસમાં સંબંધિત પક્ષકારોને નોટિસ જારી કર્યા બાદ હાઈકોર્ટે કેસની વધુ સુનાવણી તા.૨૧મી સપ્ટેમ્બર પર મુકરર કરી છે. બળવંતસિંહ રાજપૂતે કોંગ્રેસના જે બે બળવાખોર ધારાસભ્યોએ તેમની તરફેણમાં મતો આપ્યા હતા અને એ બે મતો કોંગ્રેસે લીધેલા વાંધા બાદ કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા રદ કરવામાં આવ્યા હતા તે વિવાદીત નિર્ણયને પણ રદબાતલ ઠરાવવા પણ અરજીમાં દાદ માંગી છે. ઉલ્લેખનીય છે કે, તા.૮મી ઓગસ્ટે રાજયસભાની યોજાયેલી ચૂંટણીમાં ભાજપના અમિત શાહને ફર્સ્ટ પ્રેફરન્સના ૪૬, ભાજપના જ સ્મૃતિ ઈરાનીને પણ ૪૬ વોટ અને કોંગ્રેસના એહમદ પટેલને ૪૪ વોટ મળતાં તેઓ વિજયી ઉમેદવાર તરીકે જાહેર કરાયા હતા, જયારે બળવંતસિંહ રાજપૂતને ૩૮ મતો મળતાં તેઓને હારેલા ઉમેદવાર ઘોષિત કરાયા હતા. બળવંતસિંહ રાજપૂત તરફથી કરાયેલી પિટિશનમાં એવા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા કે, કોંગ્રેસના બળવાખોર ધારાસભ્યો રાઘવજી પટેલ અને ભોળાભાઈ ગોહિલના મતો તેમને પડયા હતા પરંતુ કોંગ્રેસે લીધેલા વાંધા બાદ કેન્દ્રીય ચૂંટણી પંચે તે મતો રદ કરી દીધા હતા જે નિર્ણય બિલકુલ અયોગ્ય, ગેરકાયદે અને રદબાતલ થવાપાત્ર છે કારણ કે, એક વખતે મત જયારે મતપેટીમાં પડી જાય અને જયારે રિટર્નીંગ ઓફિસરે તેની સ્વીકારી લીધા હોય પછી તેમાં દરમ્યાનગીરી કરવાની ચૂંટણી પંચને કોઈ સત્તા જ નથી.

જો કોઈને મત સામે વાંધો હોય તો કાયદામાં નિર્દિષ્ટ જોગવાઈ મુજબ, ઈલેકશન પિટિશન પાછળથી કરી શકે. તેમણે એહમદ પટેલ પર ગંભીર આક્ષેપ કર્યા હતા કે, એહમદ પટેલ ભ્રષ્ટ પ્રેકટીસ આચરવા સંડોવાયેલા છે. તેમણે કોંગ્રેસના ધારાસભ્યોને બેંગ્લેરૂ ખાતેના રિસોર્ટમાં કેદ રાખી તેમની પાછળ લાખો રૂપિયાનો મનોરંજનનો ખર્ચ કર્યો છે અને આમ, એહમદ પટેલ તેમની આ કરપ્ટ પ્રેકટીસથી વિજયી બન્યા છે નહી કે, મતદારોની મુકત ઈચ્છાના કારણે. રાજપૂતે કોંગ્રેસના જે બે ધારાસભ્યોએ એહમદ પટેલને મત આપ્યા હતા તે એ ગ્રાઉન્ડ પર રદ કરવાની માંગણી પિટિશનમાં કરી છે કે, કોંગ્રેસના એ બંને ધારાસભ્યોએ પણ કોંગ્રેસના અધિકૃત એજન્ટ સિવાય બીજા વ્યકિતઓને પોતાના મત બતાવ્યા હતા. આ પરિસ્થિતિમાં તેમના મત વધી જાત અને તેઓ વિજયી જાહેર થાત પરંતુ કેન્દ્રીય ચૂંટણી પંચના અન્યાયી નિર્ણયના કારણે તેઓ હાર્યા છે.

આ સંજોગોમાં હાઈકોર્ટે એહમદ પટેલની ચૂંટણી રદ કરી તેમને છ વર્ષ માટે ચૂંટણી લડવા ગેરલાયક ઠરાવી તેમના સ્થાને પોતાને વિજયી જાહેર કરવા રાજપૂત દ્વારા પિટિશનમાં દાદ માંગવામાં આવી હતી.

### આયુર્વેદિક ઉકાળાનો લાભ પણ અપાયો

# જનતા જર્નાદનની સેવા જ ભાજપાની પ્રાથમિકતા છે

### ૧૬ વિધાનસભામાં ૧૮ સ્થળો ઉપર પ્રજાજનોના સ્વાસ્થ્ય સંદર્ભે સેવા યજ્ઞ પૂર્ણ : લાખો લોકોને હોમિયોપેથી દવાઓ

અમદાવાદ, તા.૨૧

જનતા જનાર્દનની સેવા એ જ ભાજપાના સંસ્કાર અને ભાજપાની નીતિરીતી છે. તે વિચારધારાના ભાગરૂપે ગઈકાલે કર્ણાવતી મહાનગરના ભાજપા શહેર સંગઠન દ્વારા કર્ણાવતી મહાનગરની ૧૬ વિધાનસભામાં ૧૮ સ્થળોએ પ્રજાજનોના સ્વાસ્થ્ય સંદર્ભે આયુર્વેદિક ઉકાળા તેમજ હોમિયોપેથિક દવાઓના વિતરણના સેવાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાયજ્ઞમાં સવા લાખથી પણ વધુ લોકોએ હોમિયોપેથિક દવા તેમજ આયુર્વેદિક ઉકાળાનો લાભ લીધો હતો. ઝોન મહામંત્રી કેસી પટેલ તથા પ્રદેશ ઉપાધ્યક્ષ અને શહેર પ્રભારી આઈ કે જાડેજા વેજલપુર તેમજ ઘાટલોડિયા વિધાનસભામાં તેમજ શહેર અધ્યક્ષ જગદીશ પંચાલની નિકોલ વિધાનસભામાં પ્રેરક ઉપસ્થિતિમાં વિશાળ સંખ્યામાં પ્રજાજનોએ હાજર રહી આ સેવાયજ્ઞનો લાભ લીધો હતો. આ સેવાયજ્ઞમાં સંસદસભ્ય, ધારાસભ્યઓ, કોર્પોરેટરઓ, તમામ વિધાનસભાના પ્રભારીઓ, શહેર સંગઠનના પદાધિકારીઓ અને જે તે વોર્ડના પદાધિકારીઓ જોડાયા હતા. શહેર અધ્યક્ષ જગદીશ પંચાલે કોંગ્રેસને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, અતિવૃષ્ટિ બાદ પ્રજાની મુશ્કેલીમાં મદદરૂપ થવાના બદલે કોંગ્રેસના ધારાસભ્યઓ બેંગલોરના રિસોર્ટમાં અને દિલ્હી દરબારમાં હાજર થવા ગયા. આમ, પ્રજાને નોંધારી મુકીને કોંગ્રેસ હમેશા પરિવારવાદ-કોમવાદ અને જાતિવાદની વિકૃત રાજનીતિ કરતી આવી છે. જ્યારે, મુખ્યમંત્રી વિજય રૂપાણી તથા ઉપમુખ્યમંત્રી નીતીન પટેલના નેતૃત્વમાં પ્રજાકલ્યાણના નવા સંકલ્પો કરીને તે દિશામાં કાર્ય કરીને ભાજપા પ્રજા સેવાઅર્થે સિધ્ધિઓના નવા આયામ રચી રહ્યું છે. સાથે સાથે આવનારા બે દિવસમાં ભારે વરસાદની સંભવિત સ્થિતિમાં ગુજરાત ભાજપાના સંસદસભ્યઓ, ધારાસભ્યઓ તેમજ ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને ભાજપાના કાર્યકર્તાઓને પોતાના વિસ્તારમાં ઉપલબ્ધ રહીને લોકઉપયોગી થવા પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીએ અપીલ કરી હતી, જે બતાવે છે કે જનતા જર્નાદનની સેવા તે ભાજપાની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

### ગુજરાત એટીએસે જોરદાર સપાટો બોલાવ્યો

# બનાવટી પાસપોર્ટ કૌભાંડનો પર્દાફાશ : ૪ની ધરપકડ થઈ

### પકડાયેલા ચાર આરોપીઓ પાસેથી આઠ બોગસ પાસપોર્ટ સહિતનો મુદ્દામાલ જપ્ત : યુકેનો પ્રતાપ ઓડેદરા પલાયન

અમદાવાદ,તા. ૨૧

બોગસ પાસપોર્ટના આધારે વિદેશ મોકલવાના કૌભાંડનો ગુજરાત એટીએસના અધિકારીઓએ પર્દાફાશ કરી ચાર આરોપીઓને ઝડપી લીધા છે. આરોપીઓ પાસેથી એટીએસના અધિકારીઓએ આઠ બોગસ પાસપોર્ટ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આ સમગ્ર પ્રકરણમાં વધુ તપાસ હાથ ધરી છે. એટીએસ દ્વારા પકડાયેલા આરોપીઓમાં જીતેન્દ્ર રમેશભાઈ પટેલ, પ્રવીણ શંકરભાઈ માંગેલા, ખાલીદ(રહે.મુંબઈ) અને સંજય



હરિભાઈ પટેલનો સમાવેશ થાય છે. અત્યારસુધીમાં આ તમામ આરોપીઓએ અન્ય આરોપીઓની સાથે મળીને એકબીજાના મેળાપીપણામાં ૭૦થી વધુ બોગસ પાસપોર્ટ બનાવ્યા હોવાનો ચોંકાવનારો ખુલાસો પણ થયો છે. બોગસ પાસપોર્ટના આ કૌભાંડમાં મૂળ પોરબંદરનો વતની પરંતુ હાલ યુ.કે(લંડન) ખાતે રહેતા આરોપી પ્રતાપ ઓડેદરા નાસતો ફરે છે. એટીએસના અધિકારીઓએ ચોક્કસ બાતમીના આધારે અમરાઈવાડી સીટીએમ એક્સપ્રેસ હાઈવે ટી જંકશન પાસેથી આરોપી પ્રવીણ માંગેલા (રહે.માંગેલ્વાડ, મોટી દમણ) અને જીતેન્દ્ર પટેલ(રહે.બી-૬-૩૮, રૂપલ એપાર્ટમેન્ટ, રાણીપ, અમદાવાદ) ને ઝડપી લીધા હતા અને તેમની પૂછપરછ [redacted] ર્ટના [redacted] ોપી જીતેન્દ્રએ કબૂલ્યું હતું કે, મારે ત્રણ બોગસ પાસપોર્ટ કે જે આરોપી પ્રવીણ માંગેલાએ મોકલ્યા હતા તે ડ્રાઈવર યોગેશ દયારામ પ્રજાપતિ(રહે.નાની દમણ)ને આપવાના હતા અને પ્રવીણ માંગેલાએ મોકલેલા પાંચ બોગસ પાસપોર્ટ લેવાના હતા. તપાસમાં એ પણ ખૂલ્યું હતું કે, યુરોપીયન કન્ટ્રીઝમાં જવા ઈચ્છતા કોઈપણ નાગરિકની વિગતો અમદાવાદના જીતેન્દ્ર પટેલને અપાતી હતી, તે મુંબઈના ખાલીદને બોગસ પાસપોર્ટ બનાવવા કામ સોંપતો હતો. ખાલીદ તે નાગરિકને દિવ, દમણ અને ગોવાનો મૂળ રહેવાસી દર્શાવી બોગસ પાસપોર્ટ બનાવતો હતો. આ કામગીરીમાં આરોપી પ્રવીણ માંગેલા મદદગારી કરતો હતો. બાદમાં યુરોપ ગયેલા નાગરિકોને યુ.કે. રહેતા અને મૂળ પોરબંદરના વતની આરોપી પ્રતાપ ઓડેદરા ત્યાં સ્થાયી થવામાં મદદ કરતો હતો. એક પાસપોર્ટ પેટે આરોપીઓને રૂ.૨૫થી ૩૦ લાખની માતબર રકમ મળતી હતી.

### અમદાવાદમાં બે દિવસમાં આઠના મોતથી દહેશત

# અમદાવાદમાં સ્વાઈનફલૂથી વધુ ૪ મોત : ૧૩૮ નવા કેસ

અમદાવાદ, તા. ૨૧

અમદાવાદ શહેરમાં આ માસની શરૂઆતથી જ સ્વાઈનફલૂના રોગે દેખા દીધી ત્યારથી લઈને આજદિન સુધીમાં સ્વાઈનફલૂના વકરેલા રોગને કારણે માત્ર અમદાવાદ શહેરમાં જ કુલ કેસની સંખ્યા એક હજારના આંકને પાર કરી ગઈ છે આ સાથે જ બે દિવસમાં સ્વાઈનફલૂના કારણે કુલ આઠ લોકોના મોત થવા પામતા અમદાવાદ શહેરમાં આ માસમાં સ્વાઈનફલૂને કારણે મૃત્યુ પામનારની સંખ્યા ૬૧ના આંકડાને પાર કરી ગઈ છે. મ્યુનિસિપલ તંત્ર દ્વારા સ્વાઈનફલૂના રોગને નિયંત્રણમાં લેવા કરવામા આવી રહેલી કામગીરીની પણ કોઈ અસર ન દેખાતી હોવાનું લોકો અનુભવી રહ્યા છે. આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ શહેરમાં જુલાઈ માસમા પડેલા ભારે વરસાદ બાદ આ માસની શરૂઆતથી જ સમગ્ર શહેરને સ્વાઈનફલૂના રોગે રીતસરનો ભરડામા લીધો હોય એમ રોજ કેસની સંખ્યામા સતત વધારો થતો જોવા મળી રહ્યો છે આ સાથે જ શહેરમાં રોજ લોકોના મોતની સંખ્યામા પણ સતત વધારો થતો જોવા મળી રહ્યો છે.

અમદાવાદ શહેરમાં છેલ્લા ૪૮ કલાક દરમિયાન કુલ આઠ લોકોએ સ્વાઈનફલૂના કારણે પોતાના જીવ ગુમાવ્યા છે. અમદાવાદ શહેરમાં રવિવારે ૮૫ જેટલા સ્વાઈનફલૂના કેસ નોંધાવા પામ્યા હતા જેની સામે ચાર લોકોના મોત થવા પામ્યા હતા. આજે વધુ નવા ૧૩૮ કેસ નોંધાવા પામ્યા છે. આમ બે દિવસની અંદર અમદાવાદ શહેરમાં સ્વાઈનફલૂના કુલ મળીને ૨૨૩ જેટલા કેસ નોંધાવા પામ્યા છે. અમદાવાદ શહેરમાં આ માસની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં સ્વાઈનફલૂના કુલ ૧૦૫૮ જેટલા કેસ નોંધાવા પામ્યા છે. આ સાથે જ આ રોગને કારણે મૃત્યુ પામનારની સંખ્યા ૬૧ના આંકડાને પાર કરી ગઈ છે. અમદાવાદ શહેરમાં આ વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં સ્વાઈનફલૂના કુલ મળીને ૧૧૯૪ કેસ નોંધા [redacted]

PRINTED, PUBLISHED AND OWNED BY **GAUTAM CHANDULAL BAROT** AND PR [redacted] V ESTATE, OPP. VCS INDIA, NEAR BARODA EXPRESS HIGHWAY, JASHODANAGAR, AHMEDABAD-380026 AND PUBLISHED FROM 21, SOMVILLA BUNGLOWS, OP [redacted] THALTEJ, AHMEDABAD-380059. EDITOR : **GAUTAM CHANDULAL BAROT**